dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS





# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 19 | AD - 2026, Aso Sud - 09 | Monday, Dt. 19-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કોલકાતામાં દુર્ગા પૂજાનો ઉત્સવ શોકમાં ફેરવાઈ ગયો

# કોલકાતાના ચોરબાગન પંડાલમાં ભાગદોડોમાં ૧૯ શ્રધ્ધાળુઓના મોત

કોલકાતા,તા.૧૮

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં દુર્ગા પૂજાનો ઉત્સવ એક મોટો શોકમાં ફેરવાઈ ગયો છે. ઉત્તર કોલકાતાના ચોરબાગન વિસ્તારમાં આવેલા પ્રસિધ્ધ દુર્ગા પૂજા પંડાલમાં અચાનક મચેલી નાસભાગમાં ૧૯ લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે ૨૫ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘાયલો પૈકી ૧૪ લોકોને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જેમાં ત્રણ દર્દીઓ આઈસીયુમાં છે અને એકની હાલત અત્યંત નાજુક જણાવાઈ રહી છે.

ઘટનાની જાણ થતાં જ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ કોલકાતા મેડિકલ કોલેજ પહોંચી દર્દીઓની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે આ દુઃખદ અકસ્માત આયોજકો દ્વારા લાઉડસ્પીકર પર કરવામાં આવેલી એક જાહેરાત અને અચાનક ઉમટી પડેલી ભારે ભીડને કારણે સર્જાયો હતો. સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતા મૃતકોના પરિવારોને રૂ.૨ લાખ અને ઘાયલોને રૂ.૫૦,૦૦૦ ની આર્થિક સહાયની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રીએ ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી હતી. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ એપોલો હોસ્પિટલની મુલાકાત લઈ પીડિતોના હાલચાલ પૂછ્યા હતા.



ઘટના સ્થળે હાજર પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અચાનક શરૂ થયેલા મુસળધાર વરસાદથી બચવા માટે બહારથી લોકો પંડાલની અંદર ઘૂસવા લાગ્યા હતા. સાંકડો પ્રવેશદ્વાર, અપૂરતો પ્રકાશ અને અંદરથી બહાર નીકળવાની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે ગૂંગળામણ અને ધક્કામુક્કી શરૂ થઈ ગઈ હતી. અંધારામાં એક-બે શ્રદ્ધાળુઓ નીચે પડી જતાં પાછળથી આવતી ભીડ તેમના પર ચડી ગઈ હતી, જેના લીધે આ મોટી હોનારત સર્જાઈ હતી.

પોલીસે આ મામલે ગિરીશ પાર્ક પોલીસ સ્ટેશનમાં સુઓમોટુ કેસ નોંધી આયોજકો સામે ભારતીય ન્યાય સંહિતાની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ ઘટના સંદર્ભે અત્યાર સુધીમાં ૧૪ લોકોની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

### ગૃહમંત્રી અમિત શાહે કોલકાતા પંડાલ દુર્ઘટનાના ઘાયલોની મુલાકાત લીધી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કાલીઘાટ મંદિરે દર્શન કર્યા બાદ એપોલો હોસ્પિટલ પહોંચી ચોરબાગન પંડાલ ભાગદોડના ઘાયલોના હાલચાલ પૂછ્યા હતા. અચાનક વરસાદ અને અફડાતફડીને કારણે મચેલી ભાગદોડમાં ૧૯ લોકોના મોત નીપજ્યા હતા. આ ઘટના સંદર્ભે પોલીસે મોટી કાર્યવાહી કરતાં ચોરબાગન પૂજા સમિતિના સચિવ રાજ કુમાર સેવાદા અને ઉપપ્રમુખ શાંતનુ દુબે સહિત સુરક્ષા તથા ભીડ નિયંત્રણ માટે જવાબદાર ૧૪ લોકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગ્વાલિયર શીતલા માતા મંદિર નજીક અકસ્માતમાં શ્રધ્ધાળુઓ પર ટ્રક પલટી જતાં ૧૪ નાં મોત

ગ્વાલિયર, તા.૧૮

મધ્યપ્રદેશના ગ્વાલિયર સ્થિત શીતલા માતા મંદિર નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે. ઢાળ પરથી નીચે ઉતરી રહેલો ડાંગર ભરેલો ટ્રક અચાનક કાબૂ બહાર જતાં શ્રધ્ધાળુઓ પર પલટી ગયો હતો. આ દર્દનાક હોનારતમાં ૧૪ શ્રધ્ધાળુઓના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે ૨૯ લોકો ઘાયલ થયા છે.



જિલ્લા મેજિસ્ટ્રેટ રુચિકા ચૌહાણ અને એસએસપી ધર્મવીર સિંહના જણાવ્યા અનુસાર, ચિનૌર તરફથી આવતા ઢાળ વાળા રસ્તા પર ભારે વાહનો પર પ્રતિબંધ હોવા છતાં આ ટ્રક આવી ચડ્યો હતો. બપોરે ૧:૩૦ વાગ્યાની આસપાસ બ્રેક ફેલ થવાના કારણે ઓવરલોડ ટ્રક પોલીસ બેરિકેડ તોડીને મંદિરની બહાર ચાલી રહેલા ભક્તો સાથે અથડાઈ પલટી માર્યો હતો.

અકસ્માતમાં ઘાયલ થયેલા કુલ ૩૯ લોકોને તાત્કાલિક હોસ્પિટલે ખસેડાયા હતા. જે પૈકી ૫ લોકોની હાલત અત્યંત ગંભીર જણાવાઈ રહી છે. ઘટનાસ્થળે તૈનાત બે પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા છે.

નવરાત્રિના ઉત્સવ દરમિયાન પ્રતિબંધિત રસ્તા પર ટ્રક કેવી રીતે પહોંચ્યો તે અંગે વહીવટીતંત્રે તપાસ શરૂ કરી છે. ટ્રકની યાંત્રિક ખામી ચકાસવા માટે આરટીઓ ટીમને તપાસ સોંપવામાં આવી છે.

# કેન્દ્ર સરકારે શેરડીના રસ અને ખાંડમાંથી ઈથેનોલ બનાવવા પર મુક્યો પ્રતિબંધ

નવી દિલ્હી,તા.૧૮

કેન્દ્ર સરકારે સ્થાનિક બજારમાં ખાંડની પૂરતી ઉપલબ્ધતા જાળવી રાખવા માટે એક મોટો નિર્ણય લીધો છે. જે અંતર્ગત શેરબડીના રસ, ખાંડ, ખાંડની ચાસણી અને બી-હેવી મોલાસીસમાંથી ઈથેનોલના ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, મકાઈ આધારિત ઈથેનોલ માટે અપાતા પ્રોત્સાહનમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.



સરકારી માલિકીની પેટ્રોલિયમ માર્કેટિંગ કંપનીઓએ વર્ષ ૨૦૨૬-૨૭ માટે બહાર પાડેલા ૧,૧૦૦ કરોડ લિટર ઈથેનોલ ખરીદીના ટેન્ડરમાંથી ખાંડ આધારિત કાચા માલને સંપૂર્ણપણે બાકાત રાખ્યો છે. ટેન્ડર દસ્તાવેજ મુજબ, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે હવે માત્ર તૂટેલા ચોખા, એફસીઆઈના વધારાના ચોખા, મકાઈ અને સી-હેવી મોલાસીસનો જ ઉપયોગ કરી શકાશે.

મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા મુખ્ય ખાંડ ઉત્પાદક રાજ્યોમાં ઓછા વરસાદને કારણે ઉત્પાદન ઘટવાની અને ભાવ વધવાની ક્ષતિ વર્તાઈ રહી છે. ખાદ્ય વપરાશ માટે ખાંડનો પુરવઠો જળવાઈ રહે તે હેતુથી આ ખરીદી વ્યૂહરચનામાં ફેરફાર કરવામાં આવ્યો છે. બીજી તરફ, મકાઈ આધારિત ઈથેનોલનું પ્રોત્સાહન લિટર દીઠ રૂ.૭૧.૮૬ થી ઘટાડીને રૂ.૬૮.૮૬ કરાતાં ઉત્પાદક કંપનીઓના નફા પર અસર પડશે.

# ઈટાલી અને ફ્રાન્સમાં મોંઘવારી સામે ઉગ્ર વિરોધ પ્રદર્શનો : ૩૦૦ થી વધુ લોકોની અટકાયત

નવી દિલ્હી,તા.૧૮

યુરોપમાં મોંઘવારી, ઊર્જા અને ખાદ્ય પદાર્થોના વધતા ભાવ સામે લોકોનો રોષ ફાટી નીકળ્યો છે. ઈટાલી અને ફ્રાન્સમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનોએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં મોટા પાયે લૂંટફાટ અને આગચંપીની બનાવો બન્યા છે. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા પોલીસે ટીયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો.



ઈટાલીના મિલાનમાં મોંઘવારી વિરોધી રેલી દરમિયાન ઉપદ્રવીઓએ દુકાનોમાં લૂંટફાટ કરી વાહનોને સળગાવી દીધા હતા. વાતાવરણ વણસતાં પોલીસે ૫૦ જેટલા વિરોધકર્તાઓની અટકાયત કરી હતી. ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ હિંસાની સખત શબ્દોમાં નિંદા કરતાં જણાવ્યું હતું કે, વિરોધ કરવો એ અધિકાર છે, પરંતુ શહેરોને સળગાવવાની છૂટ આપી શકાય નહીં.

બીજી તરફ ફ્રાન્સના પેરિસ, લિયોન અને માર્સેલી સહિતના શહેરોમાં વિરોધ પ્રદર્શન હિંસક બનતાં સરકારી મિલકતો અને દુકાનોને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયાના માધ્યમથી ૨૦૧૮ ના 'યલો વેસ્ટ' આંદોલનને ફરીથી જીવંત કરવાની અપીલ કરવામાં આવી હતી. દેશભરમાંથી પોલીસે ઓછામાં ઓછા ૨૭૨ લોકોની ધરપકડ કરી છે. અગાઉ ૨ ઓક્ટોબરે પણ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન વ્યાપક તોડફોડ જોવા મળી હતી.

# યોગી આદિત્યનાથે દુર્ગા પૂજા અને રામલીલા પંડાલોની સુરક્ષા ઓડિટના આદેશ આપ્યા

લખનૌ,તા.૧૮

કોલકાતાના દુર્ગા પૂજા પંડાલમાં સર્જાયેલી ભાગદોડની ઘટનાને પગલે ઉત્તર પ્રદેશ સરકારે રાજ્યભરમાં હાઈ એલર્ટ જારી કર્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ કમિશનરો અને એસપીને પોતપોતાના વિસ્તારમાં સ્થાપિત દુર્ગા પૂજા અને રામલીલા પંડાલોનું તાત્કાલિક વ્યાપક સુરક્ષા ઓડિટ કરવાના નિર્દેશ આપ્યા છે.



મુખ્યમંત્રીએ પંડાલોમાં અગ્નિશામક વ્યવસ્થા, ફાયર સેફ્ટીના ધોરણો અને શોર્ટ સર્કિટ રોકવા માટે ઈલેક્ટ્રિક વાયરિંગના ટેકનિકલ નિરીક્ષણ પર ભાર મૂક્યો છે. ભીડ નિયંત્રણ માટે પંડાલોમાં પ્રવેશ અને બહાર નીકળવાના પહોળા તથા અલગ માર્ગો તેમજ પૂરતી સંખ્યામાં કટોકટીના દરવાજા (ઈમરજન્સી એક્ઝિટ) રાખવા જણાવાયું છે. અધિકારીઓને સ્થળ મુલાકાત લઈ ભૌતિક ચકાસણી કરવા અને બેદરકારી દાખવનાર આયોજકો સામે કડક કાર્યવાહી કરવા આદેશ અપાયા છે.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૯-૧૦-૨૦૨૬

# અમરેલીમાં દિવાળી ટાણે પરચુરણ અને નવી નોટોની ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સે માંગ કરી

અમરેલી, તા.૧૮

અમરેલી શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે રૂ.૫, રૂ.૧૦ અને રૂ.૨૦ના સિક્કા તથા કડકડતી નવી નોટોની ભારે અછત સર્જાઈ છે. આ તંગીના કારણે વેપારીઓ માટે ધંધા-રોજગારમાં ગ્રાહકોને છૂટા નાણાં આપવા મુશ્કેલ બન્યા છે. સ્થાનિક સ્તરે અનેક ગ્રાહકો ઓનલાઈન પેમેન્ટ કરવા સક્ષમ ન હોવાથી તથા રૂ.૧૦-૨૦ની નોટો પણ ઓછી પ્રમાણમાં ચલણમાં હોવાથી વેપાર-ધંધા પર સીધી અસર પડી રહી છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ અર્થે અમરેલી ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (અમદાવાદ) અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (અમરેલી)ને પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ ચતુરભાઈ અકબરી અને હોદ્દેદારોએ જણાવ્યું છે કે અગાઉ ચેમ્બર દ્વારા રૂ.૧૦ લાખનું પરચુરણ સફળતાપૂર્વક વિતરણ કરવામાં આવ્યું હતું. આ વખતે તહેવારોની મોસમમાં વેપારીઓ અને પ્રજાજનોની સુવિધા માટે RBI માંથી તાત્કાલિક રૂ.૨૦ લાખનું પરચુરણ તથા નવી નોટોનો જથ્થો ફાળવવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

# બાબરાની અનડિટેક્ટ ચોરીના ૪ આરોપીઓ રૂ.૬.૦૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

અમરેલી,તા.૧૮

અમરેલી એસ.ઓ.જી. (SOG) ટીમે બાબરામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલીને ચાર શંકાસ્પદ આરોપીઓની અટકાયત કરી છે. એસ.ઓ.જી. ટીમને મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ માહિતીના આધારે બાબરાના શાહ પેટ્રોલ પંપ ચોકડી પાસેથી સફેદ રંગની હ્યુન્ડાઈ ગ્રાન્ડ ૧૦ કાર સાથે ચારેય



આરોપીઓને દબોચી લેવામાં આવ્યા હતા. સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓએ ચોરીનો ગુનો કબૂલી લીધો હતો.પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૮૫,૬૦૦ની રોકડ રકમ, ૪ મોબાઈલ ફોન અને કાર સહિત કુલ રૂ.૬,૦૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાનૂની કાર્યવાહી અર્થે બાબરા પોલીસ મથકે સોંપ્યા છે. પકડાયેલા આરોપીઓમાં અર્જુનભાઈ ઉર્ફે લાલો સેખલીયા, રાહુલભાઈ પરમાર, આકાશભાઈ સેખલીયા અને પરેશ ઉર્ફે રામો ડાભીનો સમાવેશ થાય છે.

# બાબરાના નીલવડા ગામેથી ૧૨ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા. ૧૮

બાબરાના નીલવડા ગામેથી પોલીસે ૧૨ લીટર દેશી દારૂ ઝડપ્યો હતો. પોલીસે કુલ રૂ. ૨,૪૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૨ ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# જાફરાબાદ તાલુકામાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે રૂ. ૧૧ કરોડના વિવિધ કામોનું લોકાર્પણ

જાફરાબાદ, તા.૧૮

જાફરાબાદ તાલુકાના ત્રણ ગામોમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે રૂ. ૧૧ કરોડના ખર્ચે નવનિર્મિત વિવિધ પ્રજાલક્ષી વિકાસકાર્યોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ટીંબી મુકામે રૂ. ૬.૯૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ એપ્રોચ રોડ, રૂ. ૧.૩૭ કરોડના ખર્ચે બનેલ કુમાર શાળા તેમજ રૂ. ૩૫ લાખના ખર્ચે નિર્માણ પામેલ ગ્રામ પંચાયત કચેરીનું ઉદઘાટન કરાયું હતું.આ



ઉપરાંત કડીયાળી ગામમાં રૂ. ૧ કરોડના ખર્ચે પ્રાથમિક શાળા, રૂ. ૪૦ લાખના ખર્ચે હોમિયોપેથિક દવાખાનું, રૂ. ૧૦ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલ અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બનેલ બસ સ્ટેન્ડ ખુલ્લું મૂકાયું હતું. સાથોસાથ વઢેરા ગામે પણ રૂ. ૩૫ લાખના ખર્ચે આરોગ્ય વિભાગના સબ સેન્ટરનું લોકાર્પણ કરાયું હતું.જાફરાબાદ તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરૂની યાદી મુજબ, આ પ્રસંગે જિલ્લા-તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, સરપંચો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધારાસભ્ય તથા રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# 'તું કેમ મારા ભાઈ સામે ત્રાંસી નજરથી જોવે છે' કહી ગાળો બોલી ઝાપટ મારી

લાઠી, તા. ૧૮

લાઠીમાં ભવાની સર્કલ સામે દરવાજા પાસે રોડ પર એક કિશોરને 'તું કેમ મારા ભાઈ સામે ત્રાંસી નજરથી જોવે છે?' તેમ કહી ગાળો બોલી ઝાપટ મારવામાં આવી હતી, તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે જેનીશભાઈ ભરતભાઈ આકોલીયા (ઉં.વ. ૧૬)એ લાઠીમાં રહેતા અયાન લકીયારી, મુનીર શેખ, વારીશ લકીયારી તેમજ શેખ પીપરીયા ગામે રહેતા જીશાન શેખ અને અન્ય ૧૦ અજાણ્યા છોકરાઓ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેને વારીશ લકીયારી સામે ત્રાંસી નજરે જોવા બાબતે માર મારવાનું કહ્યું હતું. આ બાબતે તેઓ સમાધાનની વાતચીત કરવા સારૂ સ્કૂલની બહાર નીકળતાં જીશાન શેખ સમાધાનની વાતચીત કરવા સારૂ તેને પોતાની બાઈકમાં બેસાડી સ્કૂલ બહાર ગેટ પાસે લઈ ગયો હતો. અયાન લકીયારીએ તેમને કહેલ કે, 'તું કેમ મારા ભાઈ વારીશ સામે ત્રાંસી નજરથી જોવે છે?', તેમ કહી જેમ આવે તેમ ગાળો બોલીને ઝાપટ મારી હતી. તેમજ મોબાઈલ ચાર્જરના વાયર વડે વાંસાના ભાગે એક ઘા માર્યો હતો.

# રાજુલાના મોરંગીમાં થયેલ હત્યાનો આરોપી ગણતરીની કલાકોમાં ઝડપાયો

અમરેલી,તા.૧૮

રાજુલા તાલુકાના મોરંગી ગામે અંગત અદાવતમાં વહેલી સવારે દાદાગીરી કરી વૃદ્ધની હત્યા કરનાર આરોપીને અમરેલી એલ.સી.બી. (LCB) અને ડુંગર પોલીસની ટીમે બાતમી તથા ટેકનિકલ સોર્સના આધારે ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યો છે.

મોરંગી ગામે દુકાન પાસે બેઠેલા



ભીખુભાઈ નનુભાઈ સમા પર ગામના જ રૂસ્તમ રાજેભાઈ બેલીમ નામના શખ્સે જૂની અદાવતમાં ઉગ્ર બોલાચાલી કરી છરી વડે સાથળના ભાગે મરણતોલ ઘા ઝીંકી દીધો હતો. ગંભીર ઈજાના કારણે ભીખુભાઈનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પુત્ર રમજાનભાઈ સમાની ફરિયાદના આધારે ગુનો નોંધાયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી ૪૦ વર્ષીય આરોપી રૂસ્તમ બેલીમની અટકાયત કરી આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી છે

# એમ. એલ. શેઠ સ્કૂલમાં નવરાત્રિ મહોત્સવની ધામધૂમથી ઉજવણી

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા માં શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામમંદિર સંચાલિત એમ. એલ. શેઠ સ્કૂલ ખાતે નવરાત્રિ મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. પરંપરાગત પોશાકમાં સજ્જ વિદ્યાર્થીઓએ પ્રાચીન તથા અર્વાચીન રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગે આયોજિત ગરબા સ્પર્ધાના વિજેતા ખેલૈયાઓને વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી, કેમ્પસ ડાયરેક્ટર પરેશભાઈ જોષી તથા આચાર્યશ્રીના હસ્તે પ્રોત્સાહક ઈનામો એનાયત કરાયા હતા.ટ્રસ્ટીગણ અને વરિષ્ઠ પત્રકારે બાળકોની કળાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. શાળા પરિવારની જહેમતથી સમગ્ર કેમ્પસ ભક્તિમય વાતાવરણમાં ગુંજી ઊઠ્યું હતું.

# ધારીના માધુપુર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયું

ધારી, તા.૧૮

ધારી તાલુકાના માધુપુર ગામે રાષ્ટ્રના અખંડિતતાના પ્રતીક અને ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રતિમાનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજ્યના મંત્રી કૌશિકભાઈ વેકરિયા તથા ધારી વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે સરદાર સાહેબનું જીવન અને તેમનું યોગદાન આવનારી પેઢીઓને દેશસેવા માટે સદા



પ્રેરણા આપતું રહેશે. આ અનાવરણ પ્રસંગે સ્થાનિક વેપારીઓ, રાજકીય કાર્યકરો, સમાજના વડીલો, મહિલાઓ અને આજુબાજુના ગામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શિવોહમ્ યોગ ક્લાસના બે વિદ્યાર્થીઓએ યોગાસન સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવ્યું

અમરેલી,તા.૧૮

તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની અંડર-૧૪ વ્યક્તિગત યોગાસન સ્પર્ધામાં શિવોહમ્ યોગ ક્લાસના બે વિદ્યાર્થીઓએ દ્વિતીય સ્થાન મેળવી સિધ્ધિ હાંસલ કરી છે. જેમાં ધ્રુવરાજ ખુમાણે ભાઈઓની કેટેગરીમાં દ્વિતીય નંબર મેળવ્યો હતો, જ્યારે હેત્વી સોલંકીએ બહેનોની કેટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સિદ્ધિ બાદ બંને વિદ્યાર્થીઓ હવે રાજ્યકક્ષાની વ્યક્તિગત યોગાસન




સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. બંને વિદ્યાર્થીઓએ પોતાની મહેનત અને યોગાભ્યાસના બળે આ સફળતા મેળવી છે. તેમની આ સિધ્ધિથી માતા-પિતા તેમજ યોગ શિક્ષક પિન્ટુભાઈ સંઘાણીનું ગૌરવ વધ્યું છે. બંને વિદ્યાર્થીઓને આગામી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# લાઠીના મુળીયાપાટ ગામે શેઢા બાબતે મહિલાને ધમકી આપી

લાઠી, તા. ૧૮

લાઠીના મુળીયાપાટ ગામે એક મહિલાને ગાળો બોલીને ટાંટીયા ભાગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે સંતોકબેન મોહનભાઈ મારુ (ઉં.વ. ૬૫)એ હરજીભાઈ પ્રેમજીભાઈ મારુ તથા પાલુબેન હરજીભાઈ મારુ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની વાડીમાં બેઠા હતા તે દરમિયાન બંને આરોપીઓએ આવીને કહ્યું કે, 'તમે બંને જણા શેઢાના ખૂંટા ફેરવી નાખો છો.' જેથી તેમણે આરોપીઓને કહ્યું કે, 'અમે ખૂંટા ફેરવતા નથી.' જેથી બંને આરોપીઓને સારું નહીં લાગતાં જેમ આવે તેમ ભૂંડી ગાળો આપી હતી. ઉપરાંત ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ ટાંટીયા ભાંગી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામા પક્ષે હરજીભાઈ પ્રેમજીભાઈ મારુ (ઉં.વ. ૬૦)એ મોહનભાઈ પ્રેમજીભાઈ મારુ તથા સંતોકબેન મોહનભાઈ મારુ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેમની પત્ની પોતાની વાડીએ હાજર હતા તે દરમિયાન બંને આરોપીઓએ તેમને 'રસ્તામાં બોરડી કેમ નાખી છે?' તેમ કહી બોલાચાલી કરી હતી. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતાં ટાંટીયા ભાગી નાખવાની ધમકી આપી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

# વડિયામાં સસ્તા અનાજનો ગેરકાયદે જથ્થો ઝડપાયો

**ખાખરીયા ફાટક પાસેથી રિક્ષા અને વજનકાંટા સહિત રૂ.૫૮,૪૦૪નો મુદ્દામાલ જપ્ત**

વડિયા,તા.૧૮

વડિયાના ખાખરીયા ફાટક પાસેથી સકડો રિક્ષામાં ગેરકાયદેસર રીતે હેરફેર કરાતો બિનઅધિકૃત અનાજનો જથ્થો તંત્ર દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. રવિવારના રજાના દિવસે ઈન્ચાર્જ મામલતદાર કે. જી. ચુડાસમા અને તેમની ટીમે દરોડો પાડીને ૧૪૧.૪૦ કિલો ચોખા તથા



૨૧૯.૮૫ કિલો ઘઉં મળી કૂલ ૩૬૧.૨૫ કિલો અનાજ કબજે કર્યું હતું. આ સાથે વજનકાંટો અને માલવાહક રિક્ષા મળીને રૂ. ૫૮,૪૦૪નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ઝડપાયેલા અનાજને નાગરિક પુરવઠા વિભાગના ગોડાઉનમાં સીઝ કરાયું છે, જ્યારે રિક્ષાને વડિયા પોલીસ મથકે સોંપવામાં આવી છે.

મામલતદાર કચેરીના સ્ટાફ દ્વારા કરાયેલી આ સપાટાબંધ કાર્યવાહીથી કાળાબજારીયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સ્થાનિક સૂત્રો મુજબ, ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ કાર્ડધારકો પાસેથી સરકારી સસ્તું અનાજ ખરીદીને અનાજ માફિયાઓને વેચવાનું ગેરકાયદે નેટવર્ક સક્રિય છે. સરકાર ગરીબોના કલ્યાણ માટે જે નાણાં ખર્ચે છે, તેનો દુરુપયોગ કરી અનાજ બજારમાં વેચાઈ રહ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.

હવે મુખ્ય સવાલ એ ઊભો થાય છે કે આ અનાજ ક્યાંથી આવ્યું, કોણે વેચ્યું અને ક્યાં લઈ જવાઈ રહ્યું હતું? ભૂતકાળમાં પણ અનેકવાર અનાજનો જથ્થો ઝડપાયો છે, પરંતુ તંત્ર તેના મૂળ સુધી પહોંચવામાં દર વખતે નિષ્ફળ નીવડ્યું છે. જો વહીવટી તંત્ર માત્ર નાના ફેરીયાઓ પર કાર્યવાહી કરવાને બદલે સમગ્ર નેટવર્કની ઊંડાણપૂર્વક અને તટસ્થ તપાસ કરે, તો જ આ મોટા કૌભાંડ પરથી પડદો ઊંચકાઈ શકે તેમ છે.

# અમરેલીના ચિતલ રોડ પર બેફામ વાહનચાલકોનો ત્રાસ : રોડ સારો થતાં જ સ્પીડના નામે મોતની સવારી!

અમરેલી,તા.૧૮

વાહનની સીટ પર બેસતા જ અનેક વાહનચાલકો ભાન ભૂલી જતા હોય છે, જેમાં ખાસ કરીને યુવાનો માટે અતિશય ઝડપે વાહન ચલાવવું એક મોટો જોખમી શોખ બની ગયો છે.

અમરેલીના ચિતલ રોડ પર હાલ એવો માહોલ સર્જાયો છે કે જાણે વાહનો નહીં પરંતુ ઉડતા પ્લેન ચાલતા હોય! મોટરસાઈકલ, કાર અને અન્ય વાહનો પુરપાટ ઝડપે દોડી રહ્યા છે, જેના કારણે રાહદારીઓ અને અન્ય નાગરિકો માટે આ રસ્તો અત્યંત ભયજનક બની ગયો છે.

રસ્તો નવો અને સારો બન્યો છે તેનો સદુપયોગ કરવાને બદલે કેટલાક બેફામ વાહનચાલકો તેનો ગેરલાભ ઉઠાવીને નિર્દોષ નાગરિકોના જીવ સામે જોખમ ઊભું કરી રહ્યા છે. શિસ્ત અને સ્પીડ લિમિટનો ભંગ કરીને ચલાવાતા વાહનોને કારણે ગમે ત્યારે મોટી હોનારત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.સ્થાનિક રહીશોમાં એવી ઉગ્ર લાગણી પ્રવર્તી રહી છે કે કોઈ મોટી જાનહાનિ કે ગંભીર અકસ્માત સર્જાય અને તંત્ર જાગે, તે પહેલાં સત્તાવાળાઓ દ્વારા કડક સ્પીડ બ્રેકર, સીસીટીવી અને ટ્રાફિક પોઈન્ટ ગોઠવીને સઘન સપોટ ચેકિંગ કરવામાં આવે.

# લીલીયા તાલુકાના ૮ મહેસૂલી સેજામાં તલાટીઓની ફરજ માટે દિવસવાર સ્થળો

અમરેલી,તા.૧૮

લીલીયા તાલુકામાં સમાવિષ્ટ કુલ આઠ મહેસૂલી સેજામાં તલાટીઓની ફરજ માટે દિવસવાર સ્થળો નક્કી કરવામાં આવ્યાં છે. લીલીયા મોટા, ભોરીંગડા, નાના લીલીયા, હાથીગઢ, ગુંદરણ, સલડી, આંબા અને ક્રાંકસ સેજાના મહેસૂલી તલાટીઓ સોમવારથી બુધવાર સુધી પોતાના નિયત મુખ્ય મથકે હાજર રહેશે. ગુરુવારે તમામ સાત સેજાના તલાટીઓ મામલતદાર કચેરી, લીલીયા ખાતે હાજર રહી કામગીરી કરશે. જ્યારે શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોમાં ક્ષેત્રિય કામગીરી માટે ઉપસ્થિત રહેશે. આ વ્યવસ્થા દ્વારા મહેસૂલી કામગીરી માટે આવતા નાગરિકોને તલાટીઓની હાજરી અંગે સરળતાથી માહિતી મળી રહેશે. આ અંગે લીલીયા મામલતદારની યાદીમાં જાણ કરવામાં આવી છે.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શારદીય નવરાત્રી નિમિત્તે ત્રણેય વિભાગો વચ્ચે રાસ સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૧૮

શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે શારદીય નવરાત્રી મહોત્સવ અંતર્ગત ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ત્રણેય વિભાગો વચ્ચે ગરબા સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને સંસ્કારોનું સિંચન કરવા માટે દરરોજ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબાનું આયોજન થાય છે, જેનું સંચાલન ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓની



સમિતિ કરે છે. શિક્ષકો દ્વારા તટસ્થ મૂલ્યાંકન બાદ જાહેર થયેલા પરિણામોમાં પ્રાથમિક વિભાગમાં અભય મેર, માધ્યમિક વિભાગમાં યુગ પોલરા અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં હેપીલ વેજપરા પ્રથમ ક્રમે રહ્યા હતા. જ્યારે પ્રિન્સ મકવાણા, દર્શન બરવાળીયા, પર્વ તળાવિયા, ધ્રુવરાજ રાઠોડ, નિત દેવાણી અને અક્ષિત ટિંબડીયા અનુક્રમે દ્વિતીય તેમજ તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. સંચાલક દીપકભાઈ અને વિલાસબેન વઘાસીયાની ઉપસ્થિતિમાં તમામ વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

# લાઠી તાલુકાના ૧૩ સેજામાં મહેસૂલી તલાટીઓના સ્થળો નક્કી કરાયાં

અમરેલી,તા.૧૮

લાઠી તાલુકામાં સમાવિષ્ટ કુલ ૧૩ સેજામાં મહેસૂલી તલાટીઓની ફરજ માટે દિવસવાર સ્થળો નક્કી કરવામાં આવ્યાં છે. આંબરડી, ચાવંડ, શેખ પીપરીયા, જરખીયા, મતિરાળા, આંસોદર, શાખપુર, નાના રાજકોટ, ઠાંસા અને ધામેલ સેજામાં સોમવારથી મંગળવાર સુધી નિયત ગામે, બુધવારે અન્ય નિયત ગામે અને ગુરુવારે મામલતદાર કચેરી, લાઠી ખાતે તલાટીઓ હાજર રહેશે. શુક્રવાર અને શનિવારે સેજાનાં ગામોમાં ક્ષેત્રિય કામગીરી કરવામાં આવશે.લાઠી-૧ અને લાઠી-૨ કસ્બા સેજાના તલાટીઓ સોમવારથી શનિવાર સુધી મામલતદાર કચેરીમાં ફરજ બજાવશે. દામનગર કસ્બા સેજાના તલાટી સોમવારથી બુધવાર તથા શુક્રવારથી શનિવાર સુધી નગરપાલિકા કચેરી, દામનગર ખાતે અને ગુરુવારે મામલતદાર કચેરી, લાઠી ખાતે હાજર રહેશે.

# સાવરકુંડલા જય ખોડીયાર બાળમંડળના બાળકોને ચોપડાનું વિતરણ

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા દેવળા ગેઈટ સ્થિત સર્વોદય નગરમાં વર્ષ ૧૯૪૭થી સંસ્કૃતિ અને પ્રાચીન ગરબાની પરંપરા જાળવી રાખતું જય ખોડીયાર બાળમંડળ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા આગવી ઓળખ ધરાવે છે.બાળમંડળના વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે પ્રોત્સાહન મળે અને તેઓ અભ્યાસમાં પ્રગતિ કરે તેવા ઉમદા હેતુથી ચાણક્ય ટ્યુશન ક્લાસીસ, સાવરકુંડલા ના સંચાલક જેસીંગ સરના શુભેચ્છક સહયોગથી



ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

હતો. આ પ્રસંગે કાના તળાવ સ્થિત શિવ દરબારના પૂજ્ય ઉશામૈયાના હસ્તે બાળકોને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ બાળકોને આશીર્વાદ આપીને તેમના ઉજ્જવળ ભવિષ્ય, શૈક્ષણિક પ્રગતિ અને જીવનમાં સફળતા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પહેલથી બાળકોમાં અભ્યાસ પ્રત્યે ઉત્સાહ વધારવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# અમરેલી નેચરલ ફાર્મિંગ કોલેજ અને FWWB દ્વારા FPO ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૮

અમરેલી ખાતે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અને FWWB સંસ્થાના સંયુક્ત ઉપક્રમે અમરેલી, ભાવનગર તથા ગીર સોમનાથ જિલ્લાના FPO માટે વિશેષ ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૮૦થી વધુ ખેડૂતો, સીઈઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં દીક્ષિતભાઈએ FPOને સંગઠનાત્મક રીતે મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું,



જ્યારે ઉપસ્થિત તજજ્ઞોએ પ્રાકૃતિક ઉત્પાદનોનું મૂલ્યવર્ધન કરી તેને 'બ્રાન્ડ' બનાવવા પર ભાર મૂક્યો હતો. સુપ્રજા ફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ ગ્રામીણ મહિલાઓની માર્કેટિંગ કુશળતાની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન મહેમાનોએ કોલેજના સંશોધન ફાર્મ, દેશી બિયારણોના સ્ટોલ, મિશ્રપાક પધ્ધતીઓ અને બાયો ઈનપુટ લેબની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. કુલપતિ ડૉ. સી. કે. ટીંબાડિયાના નેતૃત્વ હેઠળ ચાલતા સંશોધન કાર્યોને સૌએ બિરદાવ્યા હતા.

# દામનગરના મયુર ગઢવીએ ભૂટાનમાં બે વર્ષ ફરજ બજાવી પંથકનું ગૌરવ વધાર્યું

દામનગર,તા.૧૮

દામનગરના શિવનગર સોસાયટીમાં રહેતા અને મૂળ સુવાગઢ ગામના વતની મયુર ગઢવીએ ભૂટાનમાં બે વર્ષ ફરજ બજાવી પંથકનું ગૌરવ વધાર્યું છે. ભારતીય સેનામાં સિપાહી તરીકે દેશસેવા કરતા મયુરભાઈએ ઈન્ડિયન મિલિટરી ટ્રેનિંગ ટીમ (IMTRAT) સાથે ભૂટાનમાં પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરી છે. હાલમાં તેમનું પોસ્ટિંગ પંજાબમાં છે. તેમના પિતા સ્વ. મનહરદાન (મનુભાઈ) ગઢવી ઓટોરિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને બંને પુત્રોને શિક્ષણ આપ્યું હતું. નાની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ પણ મયુરભાઈએ મુશ્કેલ પરિસ્થિતિમાં અભ્યાસ અને સખત તાલીમ પૂર્ણ કરી સેનામાં સ્થાન મેળવ્યું હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

નરેશભાઈ કનુભાઈ ચૌહાણ (ઉં.વ.૪૯)નું તારીખઃ ૧૬/૧૦/૨૬ ને શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રાજુભાઈ કનુભાઈ ચૌહાણ, કાંતિભાઈ કનુભાઈ ચૌહાણ ના ભાઈ,રાજભાઈ નરેશભાઈ ચૌહાણ, કુશલભાઈ નરેશભાઈ ચૌહાણના પિતાશ્રી થાય છે. તેમનું સદગતની સાદડી તારીખ:૧૯/૧૦/૨૬ ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે શિવાજી નગર લખુબાપુની વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

મીનાબેન દલસુખભાઈ સવાણી(ઉં.વ.૭૨) નું તારીખ :૧૭/૧૦/૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે દલસુખભાઈ સવાણીના પત્ની, શ્યામભાઈ દલસુખભાઈ સવાણી ,વિવેકભાઈ દલસુખભાઈ સવાણીના માતાશ્રી થાય છે. તેમનુ સદગતનું ઉઠમણું તારીખ:૧૯/૧૦/૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે મંગલમ સોસાયટી,હવેલી વાળી શેરી ,જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

શાંતાબેન વાલજીભાઈ કોદાવલાનું તારીખ :૧૭/૧૦/૨૬ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે રમેશભાઈ વાલજીભાઈ કોદાવલા,ભરતભાઈ વાલજીભાઈ કોદાવલા,સ્વ.હિંમતભાઈ વાલજીભાઈ કોદાવલા,જીતુભાઈ વાલજીભાઈ કોદાવલા,વિનુભાઈ વાલજીભાઈ કોદાવલાના માતાશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તારીખ :૧૯/૧૦/૨૬ ને સોમવાર ને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે જેસર રોડ, કૃષ્ણ કુંજ -૨, ગુરૂકુળ રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## જાહેર નોટીસ

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

અરજી નં ૭૯ /૨૦૨૬
જન્મ તારીખ : ૧૯/૧૨/૧૯૭૨

શ્રી જયશ્રીબેન માવજીભાઈ વાઢેર,
રહે.ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એન.શીયાળ ઉના .......અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા.ઉના, જિલ્લો-ગીર સોમનાથ .....સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જયશ્રીબેન માવજીભાઈ વાઢેર, રહે.ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના ભત્રીજી કલાવતિ જયંતિલાલ પરમારનો જન્મ તારીખ ૧૯/૧૨/૧૯૭૨ ના રોજ ઉના તાલુકાના ઉના મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ઘારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## -:: જાહેર નોટીસ ::-

**ગીર ગઢડાના નામદાર જયુડી.મેજી.ફ.ક. જજ સાહેબની કોર્ટમાં, મું - ગીર ગઢડા.**

ફો.પ.અ.નં.૧૨૮/૨૦૨૬

પ્રવીણભાઈ લવજીભાઈ સુબા
રહે.થોરડી, તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ અધીકારીશ્રી
થોરડી ગ્રામપંચાયત .........સામાવાળા
અરજદારના વિ.વકીલ શ્રીઃ-એસ.બી.ભાલીયા

આથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમા ફો.પ.અ.નં.૧૨૮/૨૦૨૬થી મરણનુ પ્રમાણ પત્ર મેળવવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર પ્રવીણભાઈ લવજીભાઈ સુબા નાઓ એ તેમના દાદી સ્વ.સાકરબેન મુળજીભાઈ સુબાનાઓનુ મરણનુ પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરેલ તો આ બાબતમાં જે કોઈ ને પણ વાંધા કે તકરાર હોય તો મુદત તારીખઃ-૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા તમોને કોઈને પણ કાંઈ વાંધો નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭ માહે ઓકટોબર સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

| | | |
|---|---|---|
| તૈયાર કરનાર<br>સહી<br>(આર.એ.ઝાલા)<br>આસીસ્ટન્ટ<br>મુખ્ય સિવિલ કોર્ટ,<br>ગીર ગઢડા | કોર્ટનો સિક્કો | હુકમથી<br>સહી<br>(એસ.પી.ચાવડા)<br>રજીસ્ટ્રાર,<br>મુખ્ય સીવીલ કોર્ટ,<br>ગીર ગઢડા |










# અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૮

જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયા તથા ધારાસભ્યો મહેશભાઈ કસવાલા અને જે.વી. કાકડિયા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સાવરકુંડલા




તાલુકાનાં પાંચ ગામના નાગરિકોની સુવિધા માટે સીમરણવાડી ખાતે એસ.ટી. એક્સપ્રેસ બસને સ્ટોપેજ આપવાની માંગણીનું હકારાત્મક નિરાકરણ આવ્યું હતું. માર્કેટિંગ યાર્ડના ખેડૂતોને પૂરતી રોકડ મળી રહે તે માટે લીડ બેંક મેનેજરને કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી. સાવરકુંડલામાં નવી ગેસ એજન્સી શરૂ કરવાની પ્રક્રિયા હાથ ધરવા પણ જણાવાયું હતું. બગસરાની ગૌચર જમીનમાંથી ગાંડાબાવળ દૂર કરવા તેમજ ધારી તાલુકાના જંગલ માર્ગે બંધ થયેલા એસ.ટી. રૂટ ફરી શરૂ કરવા સમીક્ષા કરવાની સૂચના અપાઈ હતી.

# બાબરા શહેરમાં આયોજિત વિવિધ ગરબી મંડળીઓની મુલાકાતે ધારાસભ્ય જનક તળાવિયા

બાબરા,તા.૧૮

બાબરામાં નવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી ચાલી રહી છે ત્યારે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ શહેરની વિવિધ ગરબી મંડળીઓની મુલાકાત લઈ ખેલૈયાઓ, આયોજકો તથા ઉપસ્થિત નગરજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ધારાસભ્યએ વિવિધ ગરબી સ્થળોએ ઉપસ્થિત રહી માતાજીના



દર્શન કરી સમગ્ર વિસ્તારની સુખ, શાંતિ, સમૃધ્ધિ અને પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. સાથે જ ગરબી મંડળીઓ દ્વારા કરવામાં આવેલી સુંદર અને પરંપરાગત ગરબા આરાધનાની પ્રશંસા કરી હતી.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, "નવરાત્રીનું પર્વ આપણી આસ્થા અને સંસ્કૃતિ સાથે જોડાયેલું પવિત્ર પર્વ છે. બાબરા શહેરની વિવિધ ગરબી મંડળીઓ દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે. માતાજીની આરાધના સાથે આપણી પરંપરા અને સંસ્કૃતિની ઉજવણી થતી જોઈને આનંદ થાય છે.

## રાજુલા શહેરમાં મકાનનું તાળું તોડી લેપટોપની ચોરી

રાજુલા, તા. ૧૮

રાજુલામાં મકાનનું તાળું તોડી લેપટોપની ચોરી કરવામાં આવી હતી. રાજુલાના પુનીતનગરમાં રહેતા સતીશકુમાર રામમૂર્તિએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના મકાનેથી કોવાયા ગામે આવેલી જીએસપીસી કંપનીમાં નોકરી કરવા ગયા હતા. તે સમયે અજાણ્યા ચોર ઈસમે રૂમના મેઈન દરવાજાનું તાળું તોડી લેપટોપની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

## જાનબાઈ (દેરડી) ગામેથી સગીરાનું અપહરણ

લાઠી, તા. ૧૮

લાઠીના જાનબાઈ (દેરડી) ગામેથી સગીરાનું અપહરણ થયું હતું. બનાવ અંગે સગીરાના પિતાએ અભયભાઈ ઘનશ્યામભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીર દીકરીને લગ્ન કરવાની લાલચ આપીને, બદકામના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો.

# સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં ૮૫૦થી વધુ બાળાઓને ફ્રી સેનેટરી પેડનું વિતરણ

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલાની એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા પન્ના નાયક અને નટવર ગાંધીના સૌજન્યથી 'પન્ના નાયક ફ્રી પેડ વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાની ૮૫૦થી વધુ વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે સેનેટરી પેડનું



વિતરણ કરવામાં આવ્યું હતું. કિશોરીઓમાં માસિક ધર્મ અને વ્યક્તિગત સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે હેતુથી ડો. નિધીબેન સૌંદરવાએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય ઉષાબેન તેરૈયા અને સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

આ સેવાકીય કામગીરી બદલ શાળા પરિવાર દ્વારા વિદ્યાગુરુ ફાઉન્ડેશન અને દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સાવરકુંડલાનો યુવક દેશી તમંચા સાથે ઝડપાયો

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાનો યુવક દેશી તમંચા સાથે ઝડપાયો હતો. હરેશભાઈ નનકુભાઈ મોટીયાર (ઉ.વ. ૩૦) એક હાથબનાવટનો દેશી તમંચો, ત્રણ જીવતા કારતૂસ તથા એક મોબાઈલ સાથે ઝડપાયો હતો. પોલીસે રૂ. ૨૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેણે આ તમંચો સુરતમાં રહેતા યુવક પાસેથી ખરીદ્યો હતો.

## બાબરામાં તોરણ ખરીદવાના બહાને આવી ૧.૫૦ લાખનો હાથફેરો કર્યો

બાબરા, તા. ૧૮

બાબરામાં તોરણ ખરીદવાના બહાને આવી ૧.૫૦ લાખનો હાથફેરો કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મલીકભાઈ અકબરભાઈ નથવાણી (ઉં.વ. ૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દુકાને મંદિરિયાનું તોરણ ખરીદવાના બહાને આવેલો આરોપી રૂ. ૧,૫૦,૦૦૦ ભરેલું પાકીટ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

# પીએમ કિસાન યોજનાનો આગામી હપ્તો મેળવવા ફાર્મર રજિસ્ટ્રેશન ફરજિયાત

અમરેલી,તા.૧૮

કેન્દ્ર સરકાર દ્વારા એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતો માટે ફાર્મર રજિસ્ટ્રી અમલમાં મુકવામાં આવી છે. જેમાં દરેક ખેડૂતને ૧૧ અંકનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવે છે. પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો આગામી હપ્તો મેળવવા ફાર્મર રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે.

આથી અમરેલી જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોએ વહેલી તકે નોંધણી કરાવી લેવી જરૂરી છે. ખેડૂતો ગામના વીસીઈ, વીએલઈ અથવા જનસેવા કેન્દ્રમાં નોંધણી કરાવી શકે છે. ઉપરાંત https://gjfr.agristack.gov.in વેબસાઈટ પરથી મોબાઈલ દ્વારા સ્વયં નોંધણી કરી શકે છે.

નોંધણી માટે આધાર કાર્ડ, આધાર સાથે જોડાયેલો મોબાઈલ નંબર અને જમીનની વિગતો જરૂરી રહેશે.

**અમરેલી જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને વહેલી તકે નોંધણી કરાવવા અનુરોધ**

# લાઠીમાં યુવકને કપાસમાં છાંટવાની દવાનું ઢાંકણું મોઢેથી ખોલવાનું ભારે પડ્યું

લાઠી, તા. ૧૮

**દવાનું ઢાંકણું મોઢેથી ખોલતાં ઝેરી દવા મોઢામાં જતાં ઊલટી-ઊબકા થયા**

લાઠીમાં યુવકને કપાસમાં છાંટવાની દવાનું ઢાંકણું મોઢેથી ખોલવાનું ભારે પડ્યું હતું. બનાવ અંગે નિખિલભાઈ ભરતભાઈ સરલીયા (ઉ.વ. ૨૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાની વાડીએ હાજર હતા ત્યારે કપાસમાં છાંટવાની દવાનું ઢાંકણું મોઢેથી ખોલતાં બોટલમાંથી થોડીક ઝેરી દવા મોઢામાં જતાં ઊલટી-ઊબકા થવા લાગ્યા હતા. જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાયા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાના સલડી ગામે યુવકને ફરીવાર બોલાચાલી કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી

**લાકડી વડે આડેધડ મૂઢ માર માર્યો**

લીલીયા, તા. ૧૮

લીલીયાના સલડી ગામે યુવકને ફરીવાર બોલાચાલી કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે દિલીપભાઈ કાંતિભાઈ પરમાર (ઉ.વ. ૩૪)એ નિલેશભાઈ મુકેશભાઈ મકવાણા, ગોપીબેન દિલીપભાઈ પરમાર તથા અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, નિલેશભાઈ મકવાણા તેમના કુટુંબી સાળા થતા હતા. તેમને પત્ની સાથે બોલાચાલી ઝઘડો કર્યો હતો, જે અંગે પત્નીએ સાળાને ફોન કરી બનાવની જાણ કરી હતી. જે બાદ આરોપીએ તેમના ઘરમાં અપપ્રવેશ કરી લાકડી વડે મૂઢ માર માર્યો હતો તેમજ ગાળો આપી હતી. ઉપરાંત 'ફરીવાર બોલાચાલી કરીશ તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રાજુભાઈ કથુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ આઠમ, નોમ
તા.૧૯-૧૦-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૪૨,
સૂર્યાસ્ત-૦૬:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તર અષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૧૯-૧૦-૨૦૨૬ — સોમવાર**

મેષઃ હવે તેને ફેંકી દેવાનો અને આગળ વધવાનો સમય છે. તમારી મહેનત પ્રમાણે તમને શુભ ફળ મળશે. ભાગ્ય તમારા પક્ષમાં છે.

વૃષભઃ દિવસની શરૂઆતમાં તમારા મહત્વપૂર્ણ કામ માટે યોજના બનાવો. સંતાન સંબંધી કોઈ શુભ સૂચના મળવાથી આનંદ થશે.

મિથુનઃ તમારી અંદર છુપાયેલી પ્રતિભાને ઓળખો અને તેનો ઉપયોગ કરો. વર્તમાન ગ્રહોની સ્થિતિ તમને અદ્ભુત શક્તિ પ્રદાન કરી શકે છે.

કર્કઃ વિદ્યાર્થીઓ સ્પર્ધા સંબંધિત કાર્યોમાં સફળ થવાની સંભાવના વધારે છે. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો.

સિંહઃ ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. તમે તમારી મહેનત પ્રમાણે યોગ્ય પરિણામ મેળવી શકશો. તમારી ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરો.

કન્યાઃ મોટાભાગના ગ્રહો તમને ઘણું બધું આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમારી અંદર અદ્ભુત આત્મવિશ્વાસ અનુભવો.

તુલાઃ આજનો દિવસ બહાર જવા અને કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. યોજનાબદ્ધ રીતે કાર્યો પૂર્ણ કરો.

વૃશ્ચિકઃ તમે તમારી દિનચર્યામાં જે પ્રકારનું પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહ્યા છો તે તમારા માટે સકારાત્મક અને ફાયદાકારક સાબિત થશે.

ધનઃ આજે ઘરના કેટલાક નવીનીકરણ અને સજાવટને લઈને થોડી ચર્ચા થશે. પરિવારના સભ્યોમાં ઉત્સાહનું વાતાવરણ રહેશે.

મકરઃ આજે તમારી પાસે કેટલીક નવી જવાબદારીઓ અને વધુ કામનો બોજ હશે. તમને જલ્દી સારા નસીબ મળી શકે છે.

કુંભઃ સંતાન તરફથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાથી રાહત મળશે. તમે તમારા અંગત કાર્યો પર તમારું ધ્યાન કેન્દ્રિત કરી શકશો.

મીનઃ વડીલોના આશીર્વાદ અને સહકારથી તમારું ભાગ્ય વધશે. તેમનું માન-સન્માન જાળવી રાખો.

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દુર્ગાષ્ટમી નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૮

દુર્ગાષ્ટમીના પાવન પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અમરેલીના લીમડા વાળા પીર, જેસીંગપરા, ફુકાવાવ રોડ ખાતે માતા દુર્ગાની આરાધના અને ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતનાં સત્સંગ પ્રમુખ રમીલાબેન પટોળિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બ્રહ્મકુમારીમાંથી પધારેલાં દીદીએ નવરાત્રિ અને તેના ધાર્મિક



મહત્ત્વ વિશે પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરિષદના ભાઈઓ અને બહેનોને માતા દુર્ગાનાં દર્શન અને આરાધનામાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા સહમંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, નગરમંત્રી પંકજભાઈ કાનાણી, જયશ્રીબેન સાવલિયા, દેવાભાઈ મકવાણા, સાગરભાઈ રાઠોડ, મયુરભાઈ સોલંકી, પૂર્વીબેન ગોહિલ, જયશ્રીબેન ધાનાણી, મંજુબેન મકવાણા અને વિશાખાબેન મકવાણા સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ જાહેર

અમરેલી,તા.૧૮

ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીઓનો ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. કાર્યક્રમ મુજબ, ૧૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મતદારયાદીની મુસદ્દાની પ્રસિદ્ધિ થશે. ત્યારબાદ ૧૧ ડિસેમ્બર સુધી હક્ક-દાવા અને વાંધા રજૂ કરી શકાશે. અરજીઓનો નિકાલ ૨૮ ડિસેમ્બર સુધીમાં કરવામાં આવશે, જ્યારે ૪ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ થશે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લાયકાત ધરાવતા નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધાવવા તથા વિગતોમાં જરૂરી સુધારા કરાવવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને યુવા મતદારોને નોંધણી કરાવવા અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે, તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે યાદીમાં જણાવ્યું છે.

# અમરેલીમાં બાને ઘરેથી કાઢી નહીં મૂકવા સમજાવતાં યુવકને ઢીકાપાટુ માર્યા

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

અમરેલી, તા. ૧૮

અમરેલીમાં બાને ઘરેથી કાઢી નહીં મૂકવા સમજાવતાં યુવકને ઢીકાપાટુ માર્યા હતા, તેમજ બાવડા પર ધોકાનો ઘા માર્યો હતો. બનાવ અંગે ઈકબાલભાઈ બાબુભાઈ સોલંકી (ઉ.વ. ૩૨) એ સાકિર આદમભાઈ સમા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપી તેની બાને ઘરેથી કાઢી મૂકવાની વાત કરતા હતા. જેથી સાહેદ નમીરાબેન તથા ફરિયાદી આરોપીને તેની માતાને ઘરેથી કાઢી નહીં મૂકવા સમજાવતાં આરોપીને સારું નહોતું લાગ્યું અને જેમ આવે તેમ ગાળો બોલી લાકડાના ધોકા વડે બાવડા પર ઘા માર્યો હતો.

તેમજ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. રમેશભાઈ નશાભાઈ માલકીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા પોલીસ મથકે મહિલાઓનો હંગામોઃ નોટિસ બજવણી કરતા પોલીસકર્મીઓને ધમકી

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા ટાઉન પોલીસ મથકમાં કાયદેસરની ફરજ બજાવી રહેલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને મહિલા આરોપીઓએ બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર મચી જવા પામી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, સાવરકુંડલા ખાતે રહેતા રવિભાઈ પ્રવિણભાઈ રાઠોડ વિરુદ્ધ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કચેરી, સાવરકુંડલા ખાતે હદપારી કેસ હેઠળ નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હતી. આ નોટિસની કાયદેસર બજવણી કરવામાં આવતા રવિભાઈ રાઠોડની માતા પ્રવિણાબેન પ્રવિણભાઈ રાઠોડ તથા બહેન મેઘનાબેન પ્રવિણભાઈ રાઠોડ ઉશ્કેરાઈ ગયાં હતાં. તડીપારી નોટિસની બજવણીનું મનદુઃખ રાખી બંને મહિલા આરોપીઓએ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ધસી આવી ફરજ પર હાજર પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે બોલાચાલી કરી હતી. તેમણે બેફામ બની બીભત્સ ગાળો ભાંડી હતી અને 'જીવતા નહીં રહેવા દઈએ' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી પોલીસ મથકમાં હોબાળો મચાવ્યો હતો. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## તંત્રી લેખ

# મોટા આયોજનોમાં ભીડ નિયંત્રણ સિસ્ટમ અનિવાર્ય

કુંભમેળા જેવા વિશાળ ધાર્મિક આયોજનોમાં જે પ્રકારની વૈજ્ઞાનિક ક્રાઉડ કંટ્રોલિંગ સિસ્ટમ હોય છે, તેના જેવી સંરચના હવે દરેક રાજ્યના મોટા ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક આયોજનમાં અનિવાર્ય બનવી જોઈએ. કોલકાતાના ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલ પાસે થયેલી ભગદડમાં ઓછામાં ઓછા ૧૯ લોકોનાં મૃત્યુ થયું અને આશરે ૨૫ લોકો ઘાયલ થયા. આ ઘટના મહા સપ્તમીની સાંજે, ભારે વરસાદ અને અતિશય ભીડ વચ્ચે થઈ હતી. તે માત્ર એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત નથી, પરંતુ એ સ્પષ્ટ ચેતવણી છે કે ભીડનું સંચાલન માત્ર પોલીસના હાથમાં રાખવાની બાબત નથી. તે આયોજન, તકનીક, માળખું, તાલીમ અને જવાબદારીનું સંયુક્ત કાર્ય છે. જ્યાં લાખો લોકો એક જ સમયે એક જ સ્થળે એકઠા થાય, ત્યાં પ્રવેશ અને નિકાસ માર્ગો, વાસ્તવિક સમયમાં ભીડ નિહાળી શકાય તેવી સિસ્ટમ, ઝડપી સંદેશાવ્યવહાર, કટોકટી નિકાસ, તબીબી સહાય અને સ્પષ્ટ આદેશશ્રેણી વિના કોઈપણ ઉત્સવ અસુરક્ષિત બની શકે છે. આ પ્રકારની સિસ્ટમ હવે ફક્ત કુંભમેળા જેવા રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો માટે જ નહીં, પરંતુ દરેક રાજ્યના મોટા ધાર્મિક અને સામાજિક આયોજનો માટે પણ હોવી જોઈએ. દુર્ગા પૂજા, ગણેશોત્સવ, નવરાત્રી, મેળા, રથયાત્રા, મોટી સભાઓ, રાજકીય રેલીઓ, ક્રીડા સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક ઉત્સવોમાં હજારો લોકો એકઠા થાય છે. જો આયોજન પહેલાં જ અંદાજ લગાવવામાં ન આવે કે કેટલા લોકો આવી શકે, કેટલી જગ્યા જરૂરી છે, કેટલા નિકાસ દ્વાર હોવા જોઈએ અને વરસાદ, ગરમી, વીજળી ગુલ થવા કે કોઈ અન્ય આકસ્મિક પરિસ્થિતિમાં શું કરવું, તો પછી કોઈપણ ઉત્સવ જોખમમાં ફસાઈ શકે છે. ચોરબાગાન પંડાલની ઘટના પછી કોલકાતા પોલીસે સુરચિત સંઘ અને ચેતલા અગ્રણી જેવા ઘણા પ્રખ્યાત પંડાલોને પ્રવેશ માટે બંધ કર્યા હતા. તે દર્શાવે છે કે જોખમ માત્ર એક સ્થળ સુધી મર્યાદિત નહોતું. સ્વયંસેવકોની સંખ્યા અને તાલીમ પણ સમાન મહત્ત્વની છે. માત્ર પોલીસ પર આખી જવાબદારી નાખવી ન્યાયી નથી. આ ઘટનાનો સૌથી મોટો પાઠ એ છે કે ભક્તિ, ઉત્સાહ અને ઉજવણી સાથે સુરક્ષા પણ જરૂરી છે. કોલકાતામાં થયેલી આ દુર્ઘટના દરેક રાજ્ય, દરેક નગરપાલિકા, દરેક પોલીસ વિભાગ અને દરેક આયોજક સમિતિ માટે એક સંદેશ છે કે હવે ક્રાઉડ કંટ્રોલિંગને વૈકલ્પિક વ્યવસ્થા નહીં, પરંતુ મૂળભૂત સુરક્ષા જરૂરિયાત ગણવામાં આવે. જો આ પાઠ યોગ્ય રીતે શીખવામાં ન આવે, તો આવી ઘટના ફરી થઈ શકે છે.

# 'એક જીવનના તમામ ક્ષેત્રોમાં વિજયની નીતિના આધારે આત્મનિર્ભર, શક્તિશાળી, સમૃધ્ધ, સંપૂર્ણપણે સુરક્ષિત, સમગ્ર વિશ્વને સમૃધ્ધ અને સુખી નેતૃત્વ કરનારા ભારતનું નિર્માણ ત્યારે જ શક્ય બનશે. - પુષ્પ :૩૮



## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

ઈ.સ. ૨૦૧૫ ના વિજયાદશમીના ઉત્સવમાં બૌદ્ધિક આપતા શ્રી મોહનજી ભાગવતે કહ્યું કે, 'એક જીવનના તમામ ક્ષેત્રોમાં વિજયની નીતિના આધારે આત્મનિર્ભર, શક્તિશાળી, સમૃધ્ધ, સંપૂર્ણપણે સુરક્ષિત, સમગ્ર વિશ્વને સમૃધ્ધ અને સુખી નેતૃત્વ કરનારા ભારતનું નિર્માણ ત્યારે જ શક્ય બનશે જ્યારે સમાજ શોષણમુક્ત ગૌરવશાળી, સંગઠિત અને પ્રબુધ્ધ સામાજિક નીતિઓનું સાહસ હાથ ધરે આવા સમાજની દ્રઢ ઈચ્છાશક્તિ લોકશાહી પ્રણાલીમાં ચાલનારા તંત્રની તથા તેના સંવૈધાનિક ચાલકોની માર્ગદર્શક બનશે. જાગ્રત, સ્પષ્ટ અને અચૂક નીતિઓને કોઈ પણ સ્વાર્થ ભેદભાવ વિનાનો સમજદાર સમાજ આ બંને પરિબળો દેશના ભાગ્યને બદલવા માટે જરૂરી છે, તેથી બંને એકબીજાના પૂરક બને તે જરૂરી છે.

આ દ્રષ્ટિકોણથી જ્યારે આપણે દેશના વર્તમાન પરિદ્રશ્ય પર વિચાર કરીએ છીએ ત્યારે ખૂબ જ સુખદ અને આશાસ્પદ ચિત્ર ઊભરી આવે છે. બે વર્ષ પહેલાં જે નિરાશા અને અવિશ્વાસનું વાતાવરણ હતું તે હવે લગભગ ગાયબ થઈ ગયું છે. અપેક્ષાઓ અને અપેક્ષાઓની પરિપૂર્ણતામાં વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે. એ સુનિશ્ચિત કરવું પડશે કે તે વાતાવરણનો સીધો અનુભવ દેશના છેલ્લી હરોળમાં ઊભેલા વ્યક્તિ સુધી પહોંચે અને તેમના પોતાના અનુભવો દ્વારા સમાજનો પોતાનું અને દેશનું ભાગ્ય બદલવામાં વિશ્વાસ વધતો રહે.

દરેક વ્યક્તિને એવું લાગી રહ્યું છે કે છેલ્લા બે વર્ષમાં વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા ખૂબ જ ઝડપથી વધી છે. આપણા દેશના હિતને ધ્યાનમાં રાખીને પડોશી દેશો સાથે સંબંધો સુધારવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે અને તે સફળ પરિણામો પણ આપી રહ્યા છે. એવું લાગે છે કે દુનિયાને આધુનિક ભારતનો નવો પરિચય મળી રહ્યો છે. આત્મસન્માન અને આત્મવિશ્વાસથી યુક્ત, સમગ્ર વિશ્વ પ્રત્યે પરંપરાગત મૈત્રીપૂર્ણ અભિગમ ધરાવતું, રાષ્ટ્રીય હિતનું મજબૂત રક્ષણ કરવા માટે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં સ્પષ્ટપણે પોતાનું મન વ્યક્ત કરતું, વિશ્વના કોઈ પણ દેશમાં ઉદ્ભવતા કોઈ પણ સંકટમાં મૈત્રીપૂર્ણ હાથ લંબાવતું, ભારતના આ અનોખા નવા સ્વરૂપને ધીમે ધીમે આકાર લેતા જોઈને વિશ્વના દેશો સ્તબ્ધ, મોહિત અને નવી આશાથી ભરાઈ ગયા છે. ભારતની ગીતા, ભારતની યોગ ફિલોસોફી, ભારતના તથાગત વૈશ્વિક સ્તરે સ્વિકૃત થઈ રહ્યા છે. ભારતીય માનસ અને પરંપરાના આસ્થાના વિષયો પર ધ્યાન આપવામાં આવ્યું છે અને તેમના રક્ષણ અને સુરક્ષા માટે નીતિગત પહેલ પણ શરૂ કરવામાં આવી છે. કહેવાતી મહાસત્તાઓના અનિચ્છનીય પ્રભાવથી મુક્ત થવા માટે સંઘર્ષ કરી રહેલ વિકાસશીલ વિશ્વ નેતૃત્વ માટે ભારત તરફ જોઈ રહ્યું છે. ભારતના વિકસિત અને અધોગતિ પામેલા રાજ્યોમાં પણ તેણે વિશ્વને પોતાનો પરિવાર માન્યો છે અને તેની જાગૃતિ દ્રઢતા અને શક્તિના આધારે રાષ્ટ્રીય અને વિશ્વ બંને હિતોની પ્રામાણિકતા સાથે સેવા કરવાની પરંપરા જાળવી રાખી છે. ધીમે ધીમે આપણે ફરીથી તે શૈલીની રાજધ્વારીતાનો અનુભવ કરવાનું શરૂ કરી રહ્યા છીએ. ભારતનું આ તેજસ્વી સ્વરૂપ વિશ્વ સમક્ષ અને દેશના દરેક ઘટકની આંતરિક લાગણીમાં સંપૂર્ણ રીતે પ્રગટ થાય તે જરૂરી છે. તેના માટે આપણે જીવનના તમામ પાસાઓમાં નવા વિચારો અને નવા પ્રયાસો પ્રગટ કરવા પડશે. યુગોથી ચાલી આવેલા આપણા અખંડ રાષ્ટ્રીય જીવનના મૂળ અને સાર્વત્રિક રીતે લાભદાય સત્યના આધારે સમયને અનુરૂપ નીતિઓનું એક નવું સ્વરૂપ યોગ્ય પ્રણાલીઓ અને તેમને ક્ષમતા સાથે સ્વીકારવા સક્ષમ સમાજનું નિર્માણ કરવું પડશે.' આ રીતે શ્રી મોહનજી ભાગવતે તેમના બૌદ્ધિકમાં જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિ, યોગ, આયુર્વેદ અને ભારતીય સંગીત દ્વારા આપણે વિશ્વને એક સાથે જોડી શકીએ છીએ.

કેન્દ્રમાં સત્તા પરિવર્તનના પરિણામોનો અહેસાસ થતાં ભવિષ્યમાં આપણી રાષ્ટ્રીય ભૂમિકા શું હોવી જોઈએ ? રાષ્ટ્રવિરોધી શક્તિઓને બેઅસર કરતી વખતે શું ધ્યાનમાં લેવું જોઈએ ? ઘણી વખત ગૌસેવા અને ગૌરક્ષાને લઈને સંઘર્ષ થાય છે. આ સંઘર્ષમાંથી બહાર નીકળવા માટે સમાજે કઈ દિશામાં આગળ વધવું જોઈએ ? શિક્ષણ ક્ષેત્ર ભારતીય મૂલ્યો પર આધારિત કેમ હોવું જોઈએ અને સમગ્ર રાષ્ટ્રને એકજૂટ કરતા તહેવારો, ઉજવણીઓ અને પરંપરાઓનું કેવી રીતે જતન કરવું જોઈએ ? આ બાબતે ધ્યાન દોરતા શ્રી મોહનજીએ ઈ.સ. ૨૦૧૬ ના વિજયાદશમીના તેમના બૌધ્ધિકમાં કહ્યું કે, "એકંદરે છેલ્લા બે વર્ષમાં દેશમાં પ્રવર્તતી નિરાશા દૂર કરનારી આત્મવિશ્વાસ વધારનાર અને દેશને વિકાસના માર્ગ પર લઈ જનાર નીતિઓને કારણે દેશ આગળ વધી રહ્યો હોય તેવું લાગે છે. આપણે અપનાવેલી લોકશાહી વ્યવસ્થામાં એ પણ સ્પષ્ટ અને અપેક્ષિત છે કે જે પક્ષો સત્તાથી વંચિત છે તેઓ વિરોધ પક્ષ બનશે અને સરકાર અને વહીવટની ખામીઓને ઉજાગર કરીને અને તેમના પક્ષનો પ્રભાવ વધારીને આમ કરશે. આ મંથન દ્વારા દેશની પ્રગતિના માર્ગ પર સર્વ સંમતિ અને તેના માટે અનુસરવામાં આવતી નીતિઓની સમીક્ષા સુધારણા અને સત્ક દેખરેખ લોકશાહીમાં અપેક્ષિત છે. પરંતુ છેલ્લા એક વર્ષમાં જે ચિત્ર સામે આવ્યું છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે કેટલાક ચિંતાજનક વલણો રમાઈ રહ્યા છે. દેશની પરિસ્થિતિ અને વિશ્વ પરિદ્રશ્ય વિશે થોડું થોડું જ્ઞાન ધરાવનાર દરેક વ્યક્તિ જાણે છે કે વિશ્વમાં અને ભારતમાં પણ કેટલીક કટ્ટરવાદી, ઉગ્રવાદી, વિભાજનકારી અને સ્વાર્થી શક્તિઓ છે જે ભારત એક મજબૂત, સંકલિત, આત્મનિર્ભર અને નૈતૃત્વ માટે સક્ષમ તરીકે ઊભરી આવવાથી ખુશ નથી અને ભારતમાં પણ પોતાનું નેટવર્ક ફેલાવવાનું કામ કરી રહી છે. ભારતના સામાજિક જીવનમાંથી અસમાનતા, ભેદભાવ અને સંકુચિત સ્વાર્થ સંપૂર્ણપણે નાબૂદ થયો નથી જેના કારણે ક્યારેક ક્યારેક બનતી ઘટનાઓનો લાભ લઈને અથવા અમુક લોકોને આવી ઘટનાઓ બનાવવા માટે ઉશ્કેરીને અથવા ખોટો પ્રચાર ફેલાવીને એવી ઘટનાઓ જે બની નથી તેને વિશ્વભરના લોકોમાં આવી અફવાઓ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય લોકો, ભારતીય સરકાર અને વહીવટી તંત્ર તથા સંઘ સહિતની ઉમદા શક્તિને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોય તેવું લાગે છે કે જેઓ આવી દુષ્ટ વૃત્તિઓને રોકી શકે છે. ભારતમાં તેમને વિવાદોમાં ઘસીને અને તેમના વિશે સામાન્ય સમાજને ગેરમાર્ગે દોરવા માટે તેમની આકાંક્ષાઓ અને ચારિત્ર્ય મુજબ એકબીજા સાથે સંઘર્ષમાં રહેલી આ શક્તિઓ ચોક્કસપણે જુદા જુદા અથવા સમાન સ્વરથી હિતો માટે હાથ મિલાવીને આ પ્રયાસ કરશે. તેમના ભ્રમ અને છેતરપિંડીની જાળમાં ફસાઈને સમાજમાં ભેદભાવ અને દુશ્મનાવટનું વાતાવરણ ન સર્જાય તે માટે પ્રયાસો કરવા પડશે.

# હિંમત, કોઠાસૂઝ અને મહેનતના બળે સફળતાની નવી કેડી કંડારતા દિવ્યાંગ ખેડૂત ભીખાભાઈ કાછડીયા



ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

જ્યાં હિંમત હોય, મહેનત કરવાની તમન્ના હોય અને કંઈક નવું કરવાની ધગશ હોય, ત્યાં સફળતાના માર્ગો આપોઆપ ખુલવા લાગે છે. માણસની સાચી ઓળખ તેના પદ, પૈસા કે પ્રતિષ્ઠાથી નહીં, પરંતુ તેનાં કર્તૃત્વ, પ્રમાણિકતા અને પરિશ્રમથી ઊભી થતી હોય છે. સ્વમાન ગુમાવીને મેળવેલી સફળતા કદાચ થોડા સમય માટે ટકે, પરંતુ ઈમાનદારી અને પરસેવાના બળે મેળવેલી સફળતા વર્ષો સુધી લોકોના હ્રદયમાં જીવંત રહે છે. આવી જ પ્રેરણાદાયી વાત છે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના પીપરડી ગામના દિવ્યાંગ ખેડૂત ભીખાભાઈ મોહનભાઈ કાછડીયાની.





આશરે ૫૦ વર્ષની ઉંમર ધરાવતા અને ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરેલા ભીખાભાઈ પાસે પોતાની ૨૫ વીઘા જેટલી જમીન છે. તેમાં ખેતી કરીને તેઓ પ્રમાણિકતાપૂર્વક પરિવારનું ગુજરાન ચલાવે છે. એટલું જ નહીં, તેઓ અન્ય ખેડૂતો પાસેથી આશરે ૬૦ વીઘા જમીન ભાગે રાખીને પણ ખેતી કરે છે. શારીરિક મર્યાદાઓ હોવા છતાં તેમણે ક્યારેય હિંમત હારી નથી. સતત મહેનત, આત્મવિશ્વાસ અને કંઈક નવું કરવાની લગનને તેમણે જીવનનો મંત્ર બનાવ્યો છે.

ખેડૂતનો દીકરો જમીન સાથે જોડાયેલો હોય છે, એટલે તેની પાસે અનુભવમાંથી વિકસેલી કોઠાસૂઝ પણ હોય છે. ખેતીનાં ઓજારો હોય કે આધુનિક યંત્રો, ભીખાભાઈને તેને જોવાનો, સમજવાનો અને તેમાં સુધારા કરવાનો વિશેષ શોખ છે. ઓછા સમયમાં, ઓછી મહેનતે અને વધુ સારી રીતે કામ કેવી રીતે થઈ શકે, તે દિશામાં તેઓ સતત વિચારતા રહે છે.

ભીખાભાઈ જણાવે છે કે તેમણે આ કામ માટે કોઈ વિશેષ તાલીમ લીધી નથી કે કોઈની પાસે જઈને શીખ્યા પણ નથી. જ્યારે કોઈ રસ્તો ન મળે, ત્યારે તેઓ પોતાના મનને પ્રશ્ન પૂછે છે, વિચાર કરે છે અને પોતાની સમજ પ્રમાણે પ્રયોગ કરે છે. તેમના મતે, નિષ્ફળતાના ડરથી પ્રયત્નો છોડી દેવા કરતાં અનુભવમાંથી શીખીને આગળ વધવું વધુ જરૂરી છે.

વર્ષ ૨૦૧૯માં તેમણે ખેતીમાં ઉપયોગી સનેડા બનાવવાની દિશામાં પહેલ કરી. એક મિત્ર સાથે સનેડો બનતો જોયા બાદ બીજા જ દિવસે તેમણે જાતે સનેડો બનાવવાનો પ્રયાસ શરૂ કર્યો. ધીમે ધીમે અનુભવ વધતો ગયો અને આજે તેઓ આશરે ૨૫૦ જેટલા સનેડા બનાવીને વેચાણ કરી ચૂક્યા છે.

ભીખાભાઈના જણાવ્યા મુજબ, તેમના સનેડાની વિશેષતા તેની ઓછી ધ્રુજારી અને સ્પેરપાર્ટ્સની ગુણવત્તા છે. તેઓ સ્ટાન્ડર્ડ સ્પેરપાર્ટ્સનો ઉપયોગ કરીને એવું યંત્ર બનાવવાનો પ્રયાસ કરે છે, જેથી ખેડૂતોને વારંવાર રિપેરિંગની મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને ખેતીનું કામ સરળ બને.

ખેડૂતોની જરૂરિયાતને સમજીને સ્થાનિક સ્તરે ખેતીનાં સાધનોનું નિર્માણ કરવું એ માત્ર વ્યવસાય નથી, પરંતુ ખેતીને વધુ કાર્યક્ષમ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસ પણ છે. ભીખાભાઈનું કામ દર્શાવે છે કે યોગ્ય દષ્ટિકોણ અને અનુભવના આધારે ગામડામાં પણ ટેકનિકલ કૌશલ્ય વિકસી શકે છે.

સનેડા બનાવ્યા બાદ પણ ભીખાભાઈ અટક્યા નથી. હાલમાં તેઓ જૂના ટુ-વ્હીલરમાં બેટરી આધારિત વ્યવસ્થા વિકસાવીને તેને ઈલેક્ટ્રિક બાઈકમાં રૂપાંતરિત કરવાના પ્રયોગો કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ, તેઓ એવા મોડેલ પર કામ કરી રહ્યા છે, જેમાં ત્રણ યુનિટ વીજળીના વપરાશમાં આશરે ૧૬૦ કિલોમીટર સુધી ચાલવાની ક્ષમતા હોય.

હાલ પ્રયોગાત્મક તબક્કામાં હોવાથી તેની વાસ્તવિક ક્ષમતા, બેટરીની વિગતો અને સલામતીની યોગ્ય ચકાસણી જરૂરી છે એ દિશામાં ભીખાભાઈ ધ્યાન આપી રહ્યા છે. તેમ છતાં, ગામડામાં રહીને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ ટેકનિકલ ઉકેલો શોધવાની તેમની ધગશ નોંધપાત્ર છે અને ઈ બાઈક નિર્માણ ક્ષેત્રમાં તેઓ આગળ વધવા માંગે છે

આજે રોજગારની શોધમાં ગામડાંમાંથી યુવાનો મહાનગરો તરફ સ્થળાંતર કરે છે. પરંતુ ભીખાભાઈ જેવા ખેડૂતો બતાવે છે કે ખેતીની સાથે કૃષિ યંત્રોનું નિર્માણ, પશુપાલન, ફળ-ફૂલની પ્રક્રિયા, ખેત પેદાશોનું મૂલ્યવર્ધન અને અન્ય ગ્રામ્ય ઉદ્યોગો વિકસાવવાની પણ મોટી સંભાવના છે.

નાની કે મધ્યમ જમીન ધરાવતા ખેડૂત પરિવારો ખેતીને આધુનિક પધ્ધતિઓ સાથે જોડે, પશુપાલનને પૂરક વ્યવસાય બનાવે અને સ્થાનિક સ્તરે ઉત્પાદન તથા મરામતની સેવાઓ વિકસાવે, તો ગામડાંમાં જ રોજગારની નવી તકો ઊભી થઈ શકે છે. આ માટે તાલીમ, યોગ્ય મૂડી, બજાર વ્યવસ્થા અને સરકારી યોજનાઓનો લાભ પણ મહત્વપૂર્ણ છે.

ભીખાભાઈની આ સફર યુવાનોને સંદેશ આપે છે કે ગામડું માત્ર ખેતી કરવાનું સ્થળ નથી તે નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને સ્વરોજગારનું કેન્દ્ર પણ બની શકે છે. આજે પણ મહાત્મા ગાંધીનો ગ્રામીણ વિકાસનો ધ્યેય દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી વોકલ ફોર લોકલ ના માધ્યમથી સફળ બનાવી રહ્યા છે. ભીખાભાઈની જીવનદષ્ટિનો સાર તેમના વિચારોમાં જોવા મળે છે: "હું દિવ્યાંગ છું, પરંતુ હિંમત ક્યારેય હાર્યો નથી. હિંમત અને બહાદુરી કોઈ ઈન્જેક્શનથી મળતી નથી; તે વ્યક્તિના સંસ્કાર, આત્મવિશ્વાસ અને સતત પ્રયત્નોમાંથી જન્મે છે." તેમની વાતમાં જીવન જીવવાની એક મોટી શીખ છુપાયેલી છે. પરિસ્થિતિ ગમે તેવી હોય, માણસ પોતાની ક્ષમતાને ઓળખે, મહેનત કરે અને સ્વમાન જાળવીને આગળ વધે, તો તે પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

પીપરડી ગામના ભીખાભાઈ મોહનભાઈ કાછડીયા માત્ર એક ખેડૂત નથી, પરંતુ ગ્રામ્ય ભારતની સર્જનાત્મક શક્તિનું પ્રતીક છે. તેમણે પોતાના પરિશ્રમથી બતાવ્યું છે કે સંસાધનો મર્યાદિત હોય તો પણ વિચારોની કોઈ મર્યાદા હોતી નથી. જરૂર છે હિંમત, કોઠાસૂઝ અને સતત પ્રયત્નોની.

સાચા અર્થમાં, ભીખાભાઈની સફર એ સંદેશ આપે છે કે સફળતા માટે મોટું શહેર, ઊંચી ડિગ્રી કે મોટા સાધનો જ જરૂરી નથી; કંઈક નવું કરવાની દઢ ઈચ્છા અને ઈમાનદારીથી પરસેવો પાડવાની તૈયારી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. સંપર્ક ભીખાભાઈ મોહનભાઈ કાછડીયા, પીપરડી ગામ, તા. ગઢડા, જિ. બોટાદ. મોબાઈલ: ૯૮૨૫૩ ૧૮૫૮૨

# સત્તાની સાઠમારીમા સિધ્ધાંતોનું હનન સત્તા સેવા માટે છે કે સ્વાર્થ માટે ?



મનન ચિંતન

ભરત બાવીશી

સત્તા મેળવવી એ કદાચ રાજનીતિનો એક ભાગ છે, પરંતુ સત્તા મેળવવા માટે થતી સાઠમારી ઘણી વખત માનવીય મૂલ્યોને નેવે મૂકી દે છે. જ્યાં સેવા કરતાં સત્તા મહત્ત્વની બની જાય, ત્યાં સિધ્ધાંતોનું સ્થાન સ્વાર્થ લઈ લે છે અને સંબંધો કરતાં હોદ્દાની કિંમત વધી જાય છે.

આજના સમયમાં રાજકારણ હોય, સામાજિક સંસ્થા હોય, સહકારી મંડળી હોય કે કોઈ સંગઠન હોય, દરેક જગ્યાએ સત્તા મેળવવાની હોડ જોવા મળે છે. લોકશાહીમાં ચૂંટણી થવી, ઉમેદવારી કરવી અને પોતાની વાત લોકો સુધી પહોંચાડવી એ સ્વાભાવિક બાબત છે. પરંતુ જ્યારે સત્તા મેળવવા માટે જૂથબંધી, ખેંચતાણ, આક્ષેપબાજી અને મેલી રાજરમત અને ખોટી બાનાબાજીથી સારા લોકોનો વિરોધ શરૂ થાય છે, ત્યારે પ્રશ્ન થાય છે કે આપણે ખરેખર સેવાના માર્ગે આગળ વધી રહ્યા છીએ કે પછી માત્ર ખુરશી મેળવવાની દોડમાં સામેલ છીએ?

સત્તાની સાઠમારીમાં ઘણી વખત માણસ હોદ્દો તો મેળવી લે છે, પરંતુ માણસાઈ ગુમાવી બેસે છે.

સત્તા એવી વસ્તુ છે, જે માણસની અંદર રહેલા ગુણો અને અવગુણોને બહાર લાવે છે. જે વ્યક્તિમાં સેવાભાવ હોય, તેના હાથમાં સત્તા આવે તો તે લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવે છે. જેનામાં અહંકાર હોય, તેના હાથમાં સત્તા આવે તો તે બીજાને પોતાની નીચે રાખવાનો પ્રયાસ કરે છે. એટલે સત્તા સારી કે ખરાબ હોતી નથી, પરંતુ તેનો ઉપયોગ કરનારની માનસિકતા સત્તાની દિશા નક્કી કરે છે.

સંસ્થાઓનું નિર્માણ કોઈ એક વ્યક્તિના અહંકારને પોષવા માટે નથી થતું. સંસ્થાઓનો હેતુ સામૂહિક વિકાસ, પારદર્શક વહીવટ અને સૌના હિતનું જતન કરવાનો હોય છે. જ્યારે સંસ્થામાં વ્યક્તિગત પ્રતિષ્ઠા અને જૂથવાદ હાવી થઈ જાય છે, ત્યારે વર્ષોથી જળવાયેલા સંબંધોમાં તિરાડ પડે છે. ગઈકાલ સુધી સાથે બેસીને ચા પીતા મિત્રો આજે એકબીજાના વિરોધી બની જાય છે. વિચારધારાનો મતભેદ વ્યક્તિગત મનદુઃખમાં પરિવર્તિત થઈ જાય છે.

પરંતુ એક વાત સમજવા જેવી છે કે ચૂંટણી પૂરી થાય છે, હોદ્દાની મુદત પૂરી થાય છે અને સત્તાનાં સમીકરણો પણ બદલાય છે. આજે જેની પાસે સત્તા છે, તેની પાસે કાલે ન પણ હોય. આજે જેનો જયજયકાર થાય છે, તેને કાલે લોકો ભૂલી પણ શકે છે. પરંતુ આપણા વર્તનથી લોકોના હ્રદયમાં જે સ્થાન બને છે, તે લાંબા સમય સુધી ટકી રહે છે.

સાચો નેતા એ નથી, જેની પાછળ મોટી ભીડ ઊભી હોય; સાચો નેતા એ છે, જે મુશ્કેલીના સમયે લોકોની સાથે ઊભો રહે. સાચી લોકપ્રિયતા તાળીઓના અવાજથી નહીં, પરંતુ લોકોના વિશ્વાસથી માપવામાં આવે છે. હોદ્દો મળવાથી કોઈ મોટું બની જતું નથી, મોટું તો ત્યારે બનાય છે જ્યારે હોદ્દા પર રહીને બીજાને પણ મોટાં બનવાની તક આપવામાં આવે.

સત્તા મેળવવા માટે હરીફાઈ થવી જોઈએ, પરંતુ હરીફાઈમાં કડવાશ ન હોવી જોઈએ. વિરોધ થવો જોઈએ, પરંતુ વિરોધમાં વ્યક્તિનું અપમાન ન હોવું જોઈએ. જીતવાની ઈચ્છા હોવી જોઈએ, પરંતુ જીત માટે સંબંધોનો ભોગ ન આપવો જોઈએ. કારણ કે કોઈ પણ ચૂંટણીમાં એક વ્યક્તિ જીતે છે અને બીજી વ્યક્તિ હારે છે, પરંતુ જો ચૂંટણીના કારણે સમાજની એકતા હારી જાય, તો આખરે નુકસાન સૌનું થાય છે.

આથી, સત્તાની સાઠમારીમાં ઊતરતાં પહેલાં દરેક વ્યક્તિએ પોતાની જાતને એક પ્રશ્ન પૂછવો જોઈએ કે હું આ સ્થાન પર શા માટે પહોંચવા માગું છું? લોકોની સેવા કરવા માટે કે પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે? જો જવાબ સેવાનો હોય, તો વર્તનમાં નમ્રતા અને નિર્ણયોમાં પારદર્શિતા હોવી જોઈએ.

યાદ રાખીએ, ખુરશી પર બેસવાથી માન મળતું નથી, પરંતુ ખુરશી પરથી ઊભા થયા પછી પણ લોકો માન આપે એ જ સાચી સફળતા છે.

અંતમા એટલુ જ કે, સત્તા તો આવતી-જતી રહેવાની છે. હોદ્દાઓ બદલાતા રહેવાના છે અને સમયના પ્રવાહમાં અનેક નામો વિસરાઈ જવાનાં છે. પરંતુ સારા વિચારો, નિઃસ્વાર્થ સેવા અને પ્રેમથી જીતેલાં હ્રદયો ક્યારેય વ્યર્થ જતાં નથી.ગુલટીબાજ લોકો પોતાના વ્યકતીગત અહંમને પોષવા માટે પોતાના જ સમર્થકોનો જ ભોગ લઈને સમાજના લોકોને આપેલા વચનો તોડીને ખુદ સતા મેળવવા હલકી કક્ષાની રાજનીતિ શરૂ કરે ત્યારે આવા લોકોની અસલી માનસિકતા સમજવાની જરૂર છે. સમજાય તેને વંદન અને ના સમજાય તેને અભિનંદન..

અસ્તુ..વંદે માતરમ..ભારત માતાકી જય

**ખુરશીની હોડમાં સંબંધો હારી ન જજો, જીતની ખુશીમાં માનવતા ભૂલી ન જજો. સત્તા તો આજે તમારી, કાલે કોઈ બીજાની હશે, પણ માણસાઈની મૂડી ક્યારેય ગુમાવી ન બેસજો.**

## :: તિખારો ::

**જેમણે પોતાના હકનું પણ સ્વમાનભેર જતું કર્યું હોય એમને કશું ગુમાવવાનો ડર ક્યારેય હોતો નથી. માત્ર શાંત રહેતા અને હસતા શીખી જાઓ તમારું મૌન અને હસતો ચહેરો દુશ્મનોને ધ્રુજાવી દેશે. સત્યના રસ્તા ઉપર કાંટા જરૂર હોય છે પણ સફળતા જરૂર મળે છે નિસ્વાર્થ ભાવે કરેલું કામ જરૂરથી ઉગે છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# અઠવાડીક ખેતી કાર્યો





ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

● જ્યાં શિયાળુ પાક લઈ શકાય તેમ હોય તેઓએજ શિયાળુ પાકનું વાવેતર કરવું. પાછળથી પાણીની ખેંચ જણાય તેમણે જોખમ લેવું નહિ. તેમણે ઘાસચારાનાં પાકોનું વાવેતર કરવું. વહેલા પાકતી જાતોનું વાવેતર કરવું જોઈએ. ઓછા પાણી હોય ત્યાં ટપક પધ્ધતિનો ઉપયોગ કરવો.

● વાવેતર કરતા પહેલા જે પાકમાં રાસાયણિક ભલામણ હોય તે મુજબ ગણતરી કરીને જ ખાતર ખરીદવું અને હવે જમીનોમાં પોટાશ તત્વની ઉણપ વર્તાય છે તો પાયામાં પોટાશ ખાતર આપવું જરૂરી છે. વર્ષમાં એક વખત જમીનનું વિશ્વાસ પાત્ર સંસ્થા પાસે પૃથ્થકરણ કરાવી લેવું જોઈએ.

● જમીનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ વધવાના કારણે અને રાસાયણિક દવાઓ તેમજ નિંદામણનાશકનો વધુ પડતો ઉપયોગ થવાથી જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે. હવે જમીનમાં રાસાયણિક ખાતરોના ઉપયોગ વગર ઉત્પાદન આવતું નથી. ધીમે ધીમે જમીન બંજર બનતી જાય છે. ત્યારે રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો કરવો જરૂરી છે. તે માટે બજારમાં મળતા જમીનનો કાર્બન અને તંદુરસ્તી વધરતા બેક્ટેરીયલ ખાતરોનો ઉપયોગ કરવો જોઈએ.

**દિવેલા:**

● દિવેલાના પાકમાં માળમાં ડોડવાના પાકતી વખતે કાચા ન ઉતરે તે ખાસ ધ્યાન રાખવું.

● માળના વિકાસની અવસ્થાએ ભેજની ખેંચ ન રહે તે માટે જમીનની પ્રત પ્રમાણે ૧૫ થી ૨૦ દિવસના ગાળે પિયત આપવા.

**ઘઉં :**

● ઘઉંનુ વધુ ઉત્પાદન મેળવવા માટે ઘઉંનો વાવણી સમય નવેમ્બરમાં કરવો.

● કોઈપણ પાકનું વાવેતર કરવું હોય તો તેની વાવવાની તારીખ જાણીને જ વાવેતર કરવું.

● ૧૦૦ કિ.ગ્રા.બિયારણ દીઠ બાયફેન્થ્રીન ૧૦% ઈસી.૨૦૦ મીલી દવાને પાંચ લીટર પાણીમાં ઓગાળી આગળની રાત્રે સારી રીતે પટ આપી ખુલ્લામાં સૂકવીને બીજા દિવસે વાવેતર કરવું.

● વહેલું કે મોડું વાવેતર કરવાથી ઉત્પાદન અને ગુણવતા પર માઠી અસર થાય છે.

● શિયાળુ પાકોનું ઠંડીની શરૂઆત પહેલાં વાવેતર કરવાથી ઉગાવો, વૃધ્ધિ અને વિકાસ પર વિપરીત અસર થાય છે. પરીણામે પુરી મહેનત અને ખર્ચ કરવા છતાંય ધાર્યું ઉત્પાદન મળે નહીં.

**મકાઈ :** શિયાળુ મકાઈ માટે સંકર જાતોનો ઉપયોગ કરવો. બીજને વાવતાં પહેલાં એઝેટોબેક્ટર અથવા એઝોસ્પાઈરીલમ અને પી.એસ.બી. ૧ કલ્ચરનો ૧ કિલો બીજ માટે ૫૦ ગ્રામ લેખે પટ આપી છાંયડે સુકવી ઉપયોગમાં લો.

**શેરડી:**

● શેરડીમાં આંતરપાક તરીકે ચણા, લસણ અથવા ડુંગળીનું વાવેતર કરવું.

● શેરડીમાં સંકલિત ખાતર વ્યવસ્થામાટે શેરડીનું વધુ ઉત્પાદન અને ખાંડનો સારો ઉતારો મેળવવા માટે ભલામણ કરેલ રસાયણિક ખાતર સાથે હેક્ટર દીઠ ૨૫ ટન કોહવાયેલું છાણીયું ખાતર આપવું જોઈએ. છાણીયું ખાતરની અવેજીમાં હેક્ટરે ૬૨૫ કિલો દીવેલીનો ખોળ અથવા ૧૨ ટન જુનો પ્રેસમડ આપવાની ભલામણ છે. જે ખેડૂત એક વર્ષ જુનો પ્રેસમડ ૧૨ ટન / હેક્ટરે આપે, તેમણે ફોસ્ફરસના ભલામણ કરેલ જથ્થાનો અડધો જ જથ્થો આપવો.

**તુવેર : વંધ્યત્વનો રોગ**

● આગળના વર્ષના છોડ જો શેઢાપાળા પર કે ખેતરમાં રહી ગયેલ હોય તો તેને દુર કરવા. શરૂઆતમાં રોગીષ્ઠ છોડ દેખાય તો ઉપાડી નાશ કરવો.

● પાન કથીરીથી રોગ ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે ફેનાઝાકિવન ૧૦ મિલી અથવા પ્રોપરગાઈડ ૧૦ મિલી અથવા ફેનપાયરોક્ષીમેટ ૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં મેળવીને છંટકાવ કરવો.

**જૈવિક નિયંત્રણ:** લીલી ઈયળનાં નિયંત્રણ માટે નર ફૂદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવા. આ જીવાતનું એનપીવી ૪૫૦ એલઈ/હે છાંટવું. લીમડાની લીંબોળીનો અર્કનો ઉપયોગ કરવો. અથવા ડાયક્લોરવોશ અથવા ક્વિનાલફોસ પૈકી કોઈપણ એક દવાનો છંટકાવ કરવો.

**પરજીવી :** લીલી ઈયળનાં નિયંત્રણ માટે કેમ્પોલેટીસ કલોરીડી અને યુકારસેલીયા ઈલોટાનામની બે પરજીવી ભમરીઓ અસરકારક છે. આથી આ પરજીવીઓને ઓછું નુકશાન થાય, તેવી સલામત દવાઓનો છંટકાવ કરવો.

**પરભક્ષી કીટક :** પરભક્ષી કીટક જેવાં કે ક્રાયસોપા લીલી ઈયળનાં ઈંડા તેમજ નાની ઈયળનું ભક્ષણ કરે છે.

**જીવાણું (બેક્ટેરિયા) :** લીલી ઈયળનાં નિયંત્રણ માટે બેસીલસ થુરીન્જીએન્સીસ (બીટી) નામનાં જીવાણુંયુકત પાઉડર બજારમાં મળે છે. હેકટરે ૧ કિ.ગ્રા. બીટી (૫૦૦ લિટર પાણીમાં) પાઉડરનો છંટકાવ કરવાથી સારૂં પરિણામ મળે છે.

**વિષાણું :** ઉભા પાકમાં હેકટરે વિષાણુંયુકત (એન.પી.વી.) ૨૫૦ રોગિસ્ટ ઈયળનું દ્રાવણ છાંટવાથી લીલી ઈયળનું અસરકારક નિયંત્રણ મળે છે. એન.પી.વી. પર સીધા સૂર્ય પ્રકાશની માઠી અસર થતી હોઈ તેનો છંટકાવ દિવસનાં ઢળતા પહોરે કરવો.

**૫. વનસ્પતિજન્ય પેદાશો:** લીંબોળીનાં મીંજનું ૫ ટકા દ્રાવણ (૫૦૦ ગ્રામ મીંજનો પાવડર ૧૦ લિટર પાણીમાં) નાં ૨ થી ૩ છંટકાવ કરવાથી લીલી ઈયળનું અસરકારક નિયંત્રણ મળે છે.

**૬. હાથથી વીણીને:** તુવેર પાક પર લીલી ઈયળનો વધુ ઉપદ્રવ હોય તો, મોટી ઈયળને હાથથી વીણી લેવી અથવા છોડને હલાવતા તે નીચે પડશે, જેને વીણીને નાશ કરવો.

**૭. રાસાયણિક નિયંત્રણ:** તુવેર અને અન્ય કઠોળ પાકોમાં ૫૦ ટકા ફૂલ બેસવાની અવસ્થાએ અને ત્યારબાદ ૧૫ દિવસે નીચે પૈકીની કોઈપણ એક દવાનો ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

કવીનાલફોસ ૨૦ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૨ મિ.લિ. અથવા થાયોડીકાર્બ ૧૦ ગ્રામ અથવા ફલુબેન્ડીયામાઈડ ૨ મિ.લિ. અથવા કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૧.૫ મિ.લિ. અથવા એમામેકટીન બેન્ઝોએટ ૨ ગ્રામ. બિનપિયત પાકમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભૂકીરૂપ દવા હેકટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે છંટકાવ કરવો. ઉપરોક્ત બધી જ પધ્ધતિઓનો જયાં અને જયારે ઉપયોગ થઈ શકે, તે મુજબ તેને અપનાવવાથી કઠોળ પાકમાં ફૂલ અને શીંગોને નુકસાન કરતી જીવાતનું અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ થઈ શકે છે.

ચણા:

● ગુજરાત ચણા-૧, ૨, ૩, ૫, ૬, ૭,૮ ,, દાહોદ પીળા, ચાફા માંથી કોઈ પણ એક જાતનું વાવેતર કરો.

● વાવેતર વખતે હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૫૦ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૧૦૯ કિલોગ્રામ ડી.એ.પી. અને ૧૨ કિલોગ્રામ યુરિયા અથવા ૨૭ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું અને ૮૦ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવું.

**રાઈ:**

● હેકટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજનઅને ૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૫૪ કિલોગ્રામ ડી.એ.પી. અને ૩૩ કિલોગ્રામ યૂરિયા અથવા ૭૬ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર જમીનમાં ઓરીને આપવું.

● બિયારણનો દર ૩.૫ કિલોગ્રામ પ્રતિ હેકટર રાખવો.

વિવિધ મસાલા પાકો માટે **વાવણીનો યોગ્ય સમય :**

● જીરૂની વાવેતર નવેમ્બરના પ્રથમ અઠવાડીયામાં જયારે ઠંડીની શરૂઆત થાય અને દિવસનું ઉષ્ણતાપમાન ૩૦ અંશ થી ૩૨ અંશ સેન્ટીગ્રેડની આસપાસ થાય ત્યારે કરવું જોઈએ.

● ચોમાસું વરયાળીના પાક માટે ધરૂની ફેરરોપણી ઓગસ્ટ માસના બીજા પડખવાડીયામાં વરસાદી વાતાવરણમાં કરવી હિતાવહ છે.

● રવીત્રતુમાં વરીયાળીનું વાવેતર ૧૫ ઓક્ટોબર બાદ જયારે તાપમાનમાં ઘટાડો થાય અને રાત્રીના પાછલા પહોરમાં ઠંડીની શરૂઆત થાય ત્યારે કરવું જોઈએ.

● મેથી અને ધાણાની વાવણીનો યોગ્ય સમય નવેમ્બરના પ્રથમ અઠવાડિયાનો છે. જયારે સુવા અને અજમાની વાવણી ઓક્ટોબર માસ દરમ્યાન કરવી.

**દાડમ:**

● દાડમ માં હસ્તબહાર લેવી. પિયત ચોમાસું પૂરું થાય પછી બંધ કરવું.

● નિયમિત પિયત આપવાથી ફળ ફાટતા નથી

**નાળીયેરી:**

● નાળીયેરીના ફળ કાળા પડી અને ખરી જાય છે તે માટે આ પાનકથીરી નામની જીવાતની અસરને લીધે થાય છે. લીમડા આધારીત દવાનું મુળ શોષણ પધ્ધતિ ધ્વારા ૨ માસ અંતરે ૨ કે ૩ વાર આપવાથી થઈ શકે છે.

● નાના ફળ ખરી પડવાના કારણોમાં ઝાડને સારૂ પોષણ મહત્વની બાબત હોવાથી ભલામણ પ્રમાણે ઝાડદીઠ ૧ કિલો એમોનિયમ સલ્ફેટ ૧ કિલો સુપર ફોસ્ફેટ તથા ૧.૨૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ જુન-જુલાઈમાં અને તેટલોજ બીજો હપ્તે સપ્ટેમ્બર-આકટોબર મા આપવો.

**આંબો:** આંબોને ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા

પપૈયા: તાઈવાન હાઈબ્રીડ જાતમાં નર અને માદા એક જ ફુલમાં હોવાથી એક ખાડામાં એક છોડનું વાવેતર કરવું.

**ચીકુ:**

● ચોમાસા પછી ચીકુમાં સુકારો રોગ આવે છે. તેના નિયંત્રણ માટે પ્રથમ તો ચીકુવાડીયામાં ડાંગર જેવા પાક લેવો જોઈએ નહી.

● બોર.ચોમાસું પૂરુ થયા પછી બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટિકનું મલ્ચ (૨૫ માઈક્રોન) પાથરવાથી વધુ ઉત્પાદન મળે છે.

લીંબુ લીંબુના પાકમાં પાન કોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમિડાક્લોપ્રીડ (૪ મિ.લિ./૧૦ લીટર) નો છંટકાવ કરવો.

**કેળ :** સીગાટોકા પાનના ત્રાકિયા ટપકા

● રોગ દેખાય ત્યારે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ અથવા મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૨૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી ૫ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી રોગની તીવ્રતા પ્રમાણે ૧૫ દિવસના અંતરે બે થી ત્રણ છંટકાવ કરવા. દવાના પ્રવાહી મિશ્રણ સાથે એક ચમચી સ્ટીકર ઉમેરવું હિતાવહ છે.

● રોગીષ્ઠ ડાળીઓ કાપી લીધા બાદ કોપર ઓકિસકલોરાઈડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઓગાળી અથવા ૧ % ના બોર્ડો મિશ્રણ અથવા સ્ટ્રેપ્ટ્રોમાયસીન સલ્ફેટ (સ્ટ્રેપ્ટોસાયક્લીન)૧ ગ્રામ + કોપર ઓકિસકલોરાઈડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

બિયારણ પસંદગી વખતે આટલું ધ્યાન રાખશું.

● કૃષિ હવામાન વિસ્તાર પ્રમાણે જુદાં જુદા પાકોની જાતો બહાર પાડવામાં આવે છે, જે સ્થાનિક કે અગાઉની જાત કરતાં વધારે ઉત્પાદન, સારી ગુણવતા અને રોગ-જિવાત સામે પ્રતિકારક હોય છે.

● ઓછા પિયતની જરૂરિયાત અને વહેલી પાકતી જાતો પણ બહાર પડેલી છે.

● જમીન, હવામાન અને પિયતની સગવડતા પ્રમાણે જાતની પસંદગી કરવી જોઈએ.

● અનુકૂળ સારી જાતનું પ્રમાણીત બિયારણ સમયસર મેળવી લેવુ જોઈએ. ઘણી વખત વાવણીના આગલાં દિવસે જે મળે તે બિયારણ લાવી વાવવામાં આવે છે. જેથી પાક ઉત્પાદન ઓછું અને નબળી ગુણવતાનું મળે અને તેનો બજારભાવ પણ ઓછો મળે છે.

● નકલી કે ઉતરતી કક્ષાના બિયારણોમાં રોગ-જિવાત પ્રતિકારતા ન હોવાથી દવા પાછળ પણ ખર્ચ વધે છે. તેથી જો યોગ્ય બિયારણની પસંદગી કરવામાં આવે તો ઉત્પાદન ખર્ચ વધાર્યા સિવાય વધુ ઉત્પાદન મેળવી શકાય.

# પાનકથીરી: પાક ઉત્પાદન માટે ઉભો થતો છુપો ખતરો



કૃપા ડી. ચોડવડીયા૧ ડો. વી. સી. ગઢીયાર અને ડો. ટી. એમ. સેંજલીયા
૧. એમ.એસ.સી., સ્કોલર, કિટકશાસ્ત્ર વિભાગ, આંણદ કૃષિ યુનિવર્સીટી, આંણદ
૨. સહ પ્રાધ્યાપક, કીટક શાસ્ત્ર વિભાગ, કૃ. મ. વિ., જુ. કૃ. યુ., મોટા ભંડારીયા
૩. મદદનીશ પ્રાધ્યાપક, કીટક શાસ્ત્ર વિભાગ,
કૃ. મ. વિ., જુ. કૃ. યુ., મોટા ભંડારીયા

પાનકથીરી, બગાઇ સાથે નાની પેટાવર્ગ એકેરી (એકેરીના તરીકે પણ ઓળખાય છે) અને વર્ગ એરેકનિડા સાથે જોડાયેલ આર્થ્રોપોડ્સ છે. કથીરીની મુખ્યત્વે ૨૦૦ કરતાં પણ વધુ કુળની ૪૮,૨૦૦ જાતિઓ છે. ઘણી જાતિઓ જમીન અથવા પાણીમાં મુક્ત રીતે રહે છે, પરંતુ છોડ અને પ્રાણીઓ પર પરોપજીવી તરીકે રહેતી પ્રજાતિઓ પણ મોટી સંખ્યામાં હોય છે અને કેટલીક મોલ્ડનો પણ ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

ગુજરાત રાજ્યમાં પાનકથીરીનો ઉપદ્રવ અન્ય જીવાતોની સરખામણીએ ગૌણ છે. આમ છતાં રાજ્યમાં મુખ્યત્વે ટેટ્રાનીકીડ, ટેન્યુપાલ્પીડ, ટારસોનોમીડ, ઈરીયોફીડ અને ટકરેલીડ એમ પાંચ વંશોની ૪૪ જેટલી કથીરીઓની જુદી જુદી જાતો નોંધાયેલ છે. ઓળખ:

- આ જીવાતને ચાર જોડી પગ (અષ્ટપાદ વર્ગની) હોવાથી બીજાં પ્રાણીઓ કરતાં જુદી પડે છે.
- તે નરી આંખે ન જોઈ શકાય તેટલી સૂક્ષ્મ હોય છે.
- તેનું શરીર બે ભાગમાં વહેંચાયેલ હોય છે.
- તેને બચ્ચાં અવસ્થામાં ત્રણ અને પુખ્તાવસ્થામાં ચાર જોડ પગ હોય છે.
- તે પાંખો અને શૃંગિકા ધરાવતી નથી.
- તે મુખાંગોની જગ્યાએ સોય જેવી ચેલીશેરી અને પેડીપાલ્પની જોડ ધરાવે છે અને મુખાંગોમાં મેન્ડીબલ હોતા નથી.

અહીં મુખ્ય પાકોમાં નુકસાન કરતી કથીરીઓની ઓળખ, નુકસાન તેમજ તેનું સંકલિત વ્યવસ્થાપન કઈ રીતે કરી શકાય તેની માહિતી આપેલી છે.

**ધાન્ય પાકોની કથીરી:** ધાન્ય વર્ગનાં પાકો જેવા કે મકાઈ, જુવાર, ડાંગર, શેરડીમાં ટેટ્રાનીકીડ કુળની કથીરી ઓલીગોનીકસ ઈન્ડીકસથી નુકસાન થતું જોવા મળે છે. જયારે ડાંગરમાં ટારસોનોમીડ કુળની આવર્તક પર્ણતલની કથીરી (શીથ માઈટ) સ્ટેનીયોટારસોનીમસ સ્પીન્કી નો ઉપદ્રવ જોવા મળે છે. ઘઉંમાં ઈરીયોફીડ કુળની કથીરીથી નુકસાન થતું જોવા મળે છે. આ કથીરી ઘઉંમાં સ્ટ્રીક મોસેક વાઈરસનું વહન કરે છે.

ઓલીગોનીકસ ઈન્ડીકસ કથીરી લીલાશ પડતાં ભૂખરાં તેમજ શરીર ઉપર કાળાશ પડતાં રંગનાં ધાબાવાળી હોય છે. બચ્ચાં અને પુખ્ત પાનની નીચેની સપાટીએ જાળામાં સમૂહમાં રહી રસ ચૂસે છે. આથી પાન પર પીળાશ પડતાં અસંખ્ય ડાઘા જોવા મળે છે. આ ડાઘા એકબીજા સાથે જોડાતા પીળા કે લાલાશ પડતાં મોટા ધાબા બને છે, અને છોડની વૃધ્ધિ અટકે છે. આ કથીરીનો ઉપદ્રવ ઓગષ્ટ થી ડીસેમ્બર માસ દરમ્યાન વધુ પ્રમાણમાં જોવા મળે છે.ડાંગરની કથીરી: સ્ટેનીયોટારસોનીમસ સ્પીન્કી પ્રકારની કથીરી સૂક્ષ્મ, ચાર જોડ પગ ધરાવતી અને આવર્તક પર્ણતલની નીચે જોવા મળે છે. આથી નરી આંખે જોઈ શકાતી નથી. આ કથીરી ડાંગરનાં પાનનાં આવર્તક પર્ણતલની નીચે સમૂહમાં રહી સતત રસ ચૂસતી હોવાથી તેનાં કોષો મૃત્યુ પામે છે. આથી પાન ઉપર બહારથી તપખીરીયા રંગનાં ડાઘા દેખાય છે. છોડમાં કંટી મોડી નીકળે છે તેમજ કંટી કદમાં નાની, અસ્ત-વ્યસ્ત આકારની અને સફેદ પોચાદાણાવાળી હોય છે. કથીરીનો ઉપદ્રવ કંટીનાં ગ્લુમ અને દાણા વચ્ચે પણ જોવા મળે છે. ઉપદ્રવિત કંટીમાં દાણા પોચા અને અડધા તપખીરીયા રંગનાં જોવા મળે છે. સાથે સાથે ફૂગનાં આક્રમણ માટે પણ સરળતા કરી આપતી હોય 'શીથ રોટ' નામનો રોગ પણ આવે છે. આવા દાણાની સ્ફૂરણશક્તિ ખૂબ જ ઘટી જાય છે. જેને દાણાની વંધ્યત્વની બિમારી કહે છે. આથી તેનો બિયારણમાં ઉપયોગ થઈ શકતો નથી.

આવર્તક પર્ણતલનો ફૂગ દ્રારા થતો કોહવારો ફેલાવવામાં પણ આ કથીરી મદદરૂપ થાય છે. આથી પાકને ખૂબ આર્થિક નુકસાન થઈ શકે છે.

# ખેતીમાં સુક્ષ્મ જીવાણુની જરૂરિયાત

ડો. રિશી કે કાલરીયા,
ડો. વિપુલકુમાર સી. ગઢીયા,
અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત
ડો. વિપુલકુમાર સી. ગઢીયા, એગ્રીકલ્ચર કોલેજ,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
મોટા ભંડારીયા, અમરેલી

સૂક્ષ્મજીવાણુઓ ઘણા જ બારીક અને નાના કદમાં હોય છે જે નરી આંખે જોઈ શકાતા નથી પરંતુ દરેક સ્થળે અને સમયે આ સુક્ષ્મજીવાણુંઓ ફેલાયેલા હોય છે. જમીનમાં એવા ઘણા પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓ વસવાટ કરે છે કે જે વનસ્પતિને બહુ ઉપયોગી હોય છે. આવા સૂક્ષ્મ જીવાણુઓ હવામાંના મુકત નાઈટ્રોજનને સ્થિર કરે છે તથા જમીનમાં રહેલ અલભ્ય ફોસ્ફરસને લભ્ય સ્વરૂપમાં પરિવર્તિત કરે છે અથવા સેન્દ્રિય પદાર્થને ઝડપી કહોવડાવવામાં મદદ કરે છે. આ તમામ પ્રકારના સૂક્ષ્મ જીવાણુઓની બનાવટને ગુજરાતીભાષામાં "જૈવિક ખાતર" અથવા અંગ્રેજીમાં "બાયોફર્ટીલાઈઝર" કહેવામાં આવે છે. જુદાજુદા જૈવિક ખાતરોમાં રાઈઝોબિયમ, અઝોટોબેકટર, અઝોસ્પા ઈરીલમ, ફોસ્ફો બેકટેરીયા, પોટાશ કલ્ચર, બ્લુ ગ્રીનઆલ્ગી તથા અઝોલા પર ઘનિષ્ઠ સંશોધન થયેલ છે.

- લેકટીક એસિડ બેકટેરીયા
- યીસ્ટ અને એકટીનોમાઈસેટસ
- ફોટોસિંથેટિકસ બેકટેરીયા





**સુક્ષ્મ જીવાણુની ઉપયોગીતા :**

- કોઈ પણ જૈવિક કચરાને જલદી સડાવવા માટે.
- આ જૈવિક કચરાને ફરી ઉપયોગમાં લેવા માટે.
- જૈવિક ખાતરો તરીકે, આ ઉપયોગીતાને કારણે મનુષ્યનું જીવન વિશેષ સુખકારક બનેલ છે. ઉપરાંત ખેતીની અંદર ઉપયોગ થતાં મોંઘા કૃષિ રસાયણોનો વપરાશ ઘટાડી શકાય છે. ખોરાકને લાંબા સમય સુધી સાચવી શકાતા ખોરાકની સલામતી વધી શકે છે. વિશેષમાં આ સુક્ષ્મજીવાણુંનો ઉપયોગ પ્રદૂષણ મુકત છે.

**એઝેટો :** નાઈટ્રોજન ફિકસીંગ બેકટેરીયા ફાયદાઓ : આ પ્રવાહી જૈવિક ખાતર દ્વારા હવામાનમાં રહેલ નાઈટ્રોજન જમીનમાં ફીકસ થાય છે. એક લિટર જમીનમાં આપતા ૩૫-૪૦ કિલો નાઈટ્રોજન ફીકસ થાય છે. આ જૈવિક ખાતરો પ્રદૂષણ મુકત અને ખેતી ખર્ચમાં ૨૦ થી ૨૫ ટકા બચત કરે છે.ફોસ્ફો : ફોસ્ફરસ સોલ્યુબિલાઈજીંગ અને મોબિલાઈઝંગ બેકટેરીયા ફોસ્ફરસ પાક માટે સ્થિર તત્વ હોવાથી જાતે હેરફેર કરી શકતું નથી, પરંતુ કેશ્યમ ફોસ્ફટ બની જમીનના રજકણ સાથે જકડાઈ પાક માટે અલભ્ય બની જાય છે. ફોસ્ફો બેકટેરીયા આ અલભ્ય ફોસ્ફરસને પાક માટે લભ્ય બનાવે છે.

**પોટાશ :** પોટાશ સાલ્યુબિલાઈજીંગ અને મોબિલાઈજીંગ બેકટેરીયા પોટાશ યુક્ત ખાતરો જમીનના રજકણો સાથે જકડાઈ અલભ્ય બને છે જેને આ બેકટેરીયા જમીનમાં આપતા લભ્ય બનાવે છે. હાલ દેશમાં પોટાશવાળા તમામ ખાતરો પરદેશથી આયાત કરતા કિંમત હૂંડિયામણ ગુમાવવું પડે છે.

**એસિટોબેકટર :** આ શેરડી માટે ખાસ બાયોફર્ટિલાઝર્સ બનાવેલ છે. અસિટોબેકટર પણ નાઈટ્રોજન ફિકસીંગ બેકટેરીયા છે જે એઝેટોની માફક શેરડીમાં ૨ લિટર એક એકર પ્રમાણે વાપરવાથી ૬૦-૭૦ કિલો નાઈટ્રોજન ફીકસ કરે છે.

**રાઈઝોબિયમ :** કઠોળ વર્ગના પાકો જેવા કે (તુવેર, મગફળી, મગ, મઠ, અડદ) ના પાકો માટે ખાસ બનાવેલ છે.

**ફાસ્ટ ડીકમ્પોસ્ટીંગ:** દેશી ખાતર, સુકા પાંદડા, લણણી પછીના અવશેષો તથા મરેલા પશુ, પક્ષી તથા જીવજંતુઓને જલ્દી સડાવવા માટે તથા સેન્દ્રિય ખાતરને એનરિચ કરવા માટે આ બેકટેરીયા વપરાય છે. ૧૦ ટનના ખાતરના ઢગલા ઉપર અથવા પાકની લણણી પછીના અવશેષોને જલ્દી સડાવવા રોટાવેટર ચલાવી પાણી આપી એક એકરે એક લિટર પ્રમાણે ૧૦૦ લિટર પાણીમાં મેળવી છંટકાવ કરવો જેથી ૩-૪ ટન સેન્દ્રિય ખાતર જમીનમાં ઉમેરાશે.

**અઝોલા :** એઝોલા એ કોઈ સૂક્ષ્મજીવાણું નથી પરંતુ પાણીમાં તરતા હંસરાજ (ફર્નસ) છે. તે સાઈનાબેકટેરીયમના યજમાન તરીકે કામ કરે છે. આ અઝોલાની જાતમાં અઝોલા પિનાટા મુખ્ય છે.

**બ્લ્યુ ગ્રીન આલ્ગી:** આ બ્લ્યુ ગ્રીન આલ્ગીની ૧૦૦ કરતાં વધારે જાતો છે અને જે હવામાનમાંથી નાઈટ્રોજન ફિક્સ કરવા માટે જાણીતી છે.

**બાયોફર્ટિલાઈઝર્સ વાપરવાની રીત:** (૧) બીજ **માવજત :** કોઈપણ પ્રકારના બીજને માવજત આપવા ૨૦ કિલો બીજ માટે ૧ લિટર પાણીમાં ૫૦ મિ.લિ. એઝેટો, ૨૫ મિ.લિ. ફોસ્ફો અને ૨૫ મિ.લિ. પોટાશ જૈવિક ખાતરો વાવણી પહેલા મોવાણ આપી સુકવીને વાવવું. કઠોળ વર્ગના પાક માટે રાઈઝોબિયમ વાપરવું. (૨) **ધરૂ માવજત:** આ બાયોફર્ટિલાઈઝર્સ રીંગણ, મરચાં, ટામેટા, ફૂલેવર, કેબેજ, બ્રોકોલી, ડાંગર, તમાકુ વગેરેના તમામ પાકના ધરૂને ૧૦ લિટર પાણીમાં ૧૦૦ મિ.લિ. ફોસ્ફો + ૫૦મિ.લિ. પોટાશ મેળવી ધરૂના મૂળ ડૂબ તે રીતે ૧૦ મિનિટ બોળી રાખી રોપવાથી છોડ જલ્દી સેટ થઈ સારો વિકાસ થશે. **જૈવિક ખાતરો વાપરવામાં રાખવાની કાળજીઓ :** આ ખાતરોને કોઈપણ કૃષિ રસાયણો સાથે ભેળવવા નહી. કૃષિ રસાયણો વાપર્યા હોય તો ૪ થી ૫ દિવસનો સમય રાખવો. આ જૈવિક ખાતરો જે જમીનમાં સેન્દ્રિય તત્ત્વો વધારે હોય ત્યાં વિશેષ ફાયદો કરશે. જૈવિક ખાતરો વાપરીએ તો જમીનમાં ભેજ હોવો જરૂરી છે. આ જૈવિક ખાતરોને ખુલ્લા તડકામાં ન રાખવા.

# રાજકોટમાં ખોડલધામ અને SPCF દ્વારા અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક સેન્ટરનો દશેરાથી થશે પ્રારંભ

**સામાન્ય નાગરિકોને વ્યાજબી દરે મળશે આધુનિક નિદાન સેવાઓ**



રાજકોટ, તા.૧૮

ખોડલધામ ટ્રસ્ટ – કાગવડ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન (SPCF)ના સંયુક્ત ઉપક્રમે રાજકોટના મવડી વિસ્તાર સ્થિત સરદાર પટેલ ભવન ખાતે સૌરાષ્ટ્રનું અદ્યતન 'SPCF ડાયગ્નોસ્ટિક સેન્ટર' શરૂ થવા જઈ રહ્યું છે. આગામી ૨૦ ઓક્ટોબર, દશેરાના પર્વે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના હસ્તે આ સેન્ટરનો વિધિવત પ્રારંભ કરાશે. સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોને મોંઘા નિદાન ખર્ચમાંથી રાહત આપી વ્યાજબી દરે ગુણવત્તાયુક્ત સેવા પૂરી પાડવાનો આ પહેલનો મુખ્ય હેતુ છે. અહીં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ સોનોગ્રાફી, ડિજિટલ એક્સ-રે, મેમોગ્રાફી, કલર ડોપ્લર, TMT, ઈસીજી, ઈકોકાર્ડિયોગ્રાફી તેમજ પેથોલોજી અને હોર્મોનલ પરીક્ષણોની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. વધુમાં, જરૂરિયાતમંદ દર્દીઓ માટે હોમ કલેક્શનની સગવડ પણ પૂરી પાડવામાં આવશે, જેથી સમયસર સચોટ સારવાર મળી શકે.

# મહારાષ્ટ્રના બીડમાં કાર અને બસ વચ્ચે ભયાનક અકસ્માત, પાંચ શ્રધ્ધાળુનાં મોત



મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં રવિવારે સવારે કાર અને રાજ્ય પરિવહનની બસ વચ્ચે થયેલા ભયાનક અકસ્માતમાં પાંચ શ્રધ્ધાળુનાં મોત થયાં હતાં, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. માજલગાંવ તાલુકાના શિંદેવાડી ફાટા પાસે સવારે આશરે ૧૧ વાગ્યે આ દુર્ઘટના સર્જાઈ હતી. કારમાં સવાર લોકો તુલજા ભવાની માતાનાં દર્શન માટે તુલજાપુર જઈ રહ્યા હતા. ટક્કર એટલી ગંભીર હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને બસના આગળના ભાગને પણ ભારે નુકસાન થયું હતું. મૃતકોની ઓળખ ઓમકાર મહાદેવ ગિરી (૨૪), ગજાનન મહાદેવ નામદાસ (૩૮), મૌલી ગજાનન નામદાસ (૧૧), સોમનાથ બડે (૨૩) અને અનિલ આચાર્ય (૪૦) તરીકે થઈ છે.

અકસ્માત બાદ રોષે ભરાયેલા ગ્રામજનોએ હાઈવે બંધ કરીને વિરોધ નોંધાવ્યો હતો. શિંદેવાડી જંકશન પાસે રસ્તા પરના ઉબડખાબડને કારણે વારંવાર અકસ્માતો થતા હોવાનો આક્ષેપ કરી ગ્રામજનોએ માર્ગ કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી અને સલામતીનાં પગલાં લેવાની માગ કરી હતી.

# યુપીમાં ખેડૂતનાં બાળકો માટે શિષ્યવૃત્તિની બેઠકો બમણી કરાઈ

લખનૌ, તા.૧૮

ઉત્તર પ્રદેશ સરકારે ખેડૂતો અને ખેતમજૂરોના તેજસ્વી બાળકો માટે કૃષિ શિક્ષણમાં શિષ્યવૃત્તિની બેઠકો બમણી કરવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ખેડૂત શિષ્યવૃત્તિ યોજના હેઠળ હવે પાત્ર વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. ૩૬ હજારને બદલે રૂ. ૬૦ હજાર મળશે. યોજના હેઠળ કૃષિ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં બેઠકો ૪૫થી વધારીને ૯૦ તથા કૃષિ કોલેજોમાં ૧૫થી વધારીને ૩૦ કરવામાં આવી છે. આ સાથે કુલ બેઠકો ૧,૪૧૦થી વધીને ૨,૮૨૦ થઈ છે. માસિક શિષ્યવૃત્તિ રૂ. ૩,૦૦૦થી વધારીને રૂ. ૫,૦૦૦ કરાઈ છે. વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૨૫-૨૬ દરમિયાન ૬,૪૫૪ વિદ્યાર્થીઓને આશરે રૂ. ૨૨.૯૦ કરોડની સહાય આપવામાં આવી છે. આ નિર્ણયથી આર્થિક રીતે નબળા ખેડૂત પરિવારોનાં બાળકોને ઉચ્ચ કૃષિ શિક્ષણ મેળવવામાં મદદ મળશે.

# યમનના હુથી હુમલાના ભય વચ્ચે સાઉદી અરેબિયામાં ભારતીય દૂતાવાસ એલર્ટ પર



નવી દિલ્હી, તા.૧૮

યમનના હુથી બળવાખોરોના હુમલાના ભય વચ્ચે સાઉદી અરેબિયાના રિયાધમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે સુરક્ષા સલાહ જાહેર કરી છે. દૂતાવાસે નાગરિકોને સાઉદી અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવતી કટોકટીની ચેતવણીઓ અને સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. સૂચના મુજબ, ચેતવણી મળે ત્યારે લોકોએ શાંત રહી તાત્કાલિક નજીકની સુરક્ષિત ઈમારતની અંદર આશ્રય લેવો જોઈએ. જોખમ ટળે ત્યાં સુધી બારીઓ અને કાચથી દૂર આંતરિક રૂમમાં રહેવું તથા ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ. દૂતાવાસે નાગરિકોને હુમલા સંબંધિત ફોટા, વીડિયો કે માહિતી સોશિયલ મીડિયા પર શેર ન કરવા અપીલ કરી છે. મક્કા, મદીના, રિયાધ અને પૂર્વીય પ્રાંતમાં કટોકટી માટે ૯૧૧ તથા અન્ય વિસ્તારોમાં ૯૯૮ નંબર પર સંપર્ક કરી શકાય છે. ૧૦ ઓક્ટોબરે રિયાધના કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર થયેલા હુમલામાં એક ભારતીય નાગરિકનું મૃત્યુ થયું હોવાના અહેવાલ બાદ સુરક્ષા અંગે ચિંતા વધી છે.

# જમ્મુમાં આર્મી ઓફિસરની પત્ની સામે જાસૂસીના આરોપસર કેસ નોંધાયો

જમ્મુ, તા.૧૮

જમ્મુ-કાશ્મીર પોલીસે આર્મી ઓફિસરની પત્ની સામે સંવેદનશીલ માહિતી એકત્રિત કરી વિદેશી ગુપ્તચર એજન્ટો સાથે શેર કરવાના આરોપસર કેસ નોંધ્યો છે. આ એજન્ટોમાં ચીન સાથે જોડાણ ધરાવતા લોકોનો પણ સમાવેશ હોવાની આશંકા છે. મૂળ તેલંગાણાની રહેવાસી મહિલા હાલ તેના પતિ સાથે જમ્મુમાં રહે છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા કેટલીક સંશોધન સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ હતી, જેની તપાસ કરવામાં આવી રહી છે. શુક્રવારે ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુપ્તચર અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધાયો હતો. કેસ નોંધાયા બાદ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીએ મહિલાની પૂછપરછ કરી હતી. જોકે, તેની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી.

# કોડીનારના ઘાંટવડ ગામે ખેતરમાં રમતા ૮ વર્ષના બાળક પર દીપડાનો હુમલો



કોડીનાર,તા.૧૮

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે દીપડાએ આઠ વર્ષના બાળક પર હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઘાંટવડ રેલવે ફાટક નજીક વાડી વિસ્તારમાં આ દુઃખદ ઘટના બની હતી.

મળતી માહિતી મુજબ, રામસિંહભાઈ ટાભાભાઈ વાઢેળનો આઠ વર્ષનો પુત્ર મીત વાઢેળ પોતાની માતા સાથે ખેતરમાં હતો. માતા શેરડીના વાડ તરફ ગયાં ત્યારે અચાનક આવી ચડેલા દીપડાએ મીત પર હુમલો કરી દીધો હતો. બાળકે બૂમાબૂમ કરતા દીપડો તેને છોડીને નાસી છૂટ્યો હતો.

ઈજાગ્રસ્ત બાળકને તાત્કાલિક સારવાર અર્થે કોડીનારની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. વાડી વિસ્તારમાં દીપડાના હુમલાથી સીમમાં રહેતા પરિવારો અને ખેડૂતોમાં બાળકોની સુરક્ષાને લઈને ભારે ચિંતા પ્રસરી છે. વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં તાત્કાલિક તપાસ હાથ ધરી યોગ્ય પાંજરું મૂકવા સહિતના તકેદારીના પગલાં લેવામાં આવે તેવી ગ્રામજનો માંગ કરી રહ્યા છે.

# રાહુલ ગાંધીએ ધક્કો માર્યાનો મહિલા પત્રકારનો આરોપ, દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધાવી





નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે એક મહિલા પત્રકારે દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મહિલા પત્રકાર રિચા પરાશરે આરોપ લગાવ્યો છે કે ૧૨ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટ પરિસરમાં રાહુલ ગાંધીએ તેમને ધક્કો માર્યો હતો. ફરિયાદ મુજબ, ઘટના સમયે તેઓ લગભગ ૧૧ અઠવાડિયાની ગર્ભવતી હતાં. ધક્કો લાગતાં સંતુલન ગુમાવી પડવાથી તેમના હાથમાં ઈજા થઈ હતી અને પેટના નીચેના ભાગમાં દુખાવો થયો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ૧૩ ઓક્ટોબરના રોજ તેમને સર ગંગા રામ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. મહિલા પત્રકારે રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૭૪, ૧૧૫(૨), ૧૩૧, ૧૨૫ અને ૩(૫) હેઠળ એફઆઈઆર નોંધવાની માગ કરી છે. સાથે જ તેમણે નિષ્પક્ષ અને સમયસર તપાસની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટ પરિસરમાં સૂત્રોચ્ચાર અને હંગામાના મામલે સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને ઠપકો આપ્યો હતો.

# કોડીનારના આલિદરની ૧૮ દીકરીઓનું સન્માન કરાયું



કોડીનાર, તા. ૧૮

તાજેતરમાં યોજાયેલ વિદ્યા સહાયક ભરતી પ્રક્રિયામાં સફળતા મેળવનાર આલિદર ગામની ૧૮ દીકરીઓનું આલિદર સેવા સહકારી મંડળી દ્વારા સન્માન સમારોહ યોજાયો હતો. દીકરીઓની શૈક્ષણિક સિદ્ધિને બિરદાવવાના આ પ્રયાસથી 'બેટી બચાવો, બેટી પઢાવો'ના સંદેશને સાર્થક કર્યો હતો. કાર્યક્રમમાં કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, મંડળીના પ્રમુખ હમીરભાઈ અરજણભાઈ વૈંશ, શારદાબેન બાંભણિયા, જીતુભાઈ બારડ, સરપંચ અમરસિંહભાઈ વાંઝા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના નજીક ૧૫ સિંહોનો મોડી રાત્રે શાહી રોડ શો : ખીલાવડ રોડ પર વાહનો થંભી ગયા



ઉના,તા.૧૮

ગીર સોમનાથના ગીર ગઢડા પંથક નજીક આવેલા ખીલાવડ રોડ પર મોડી રાત્રે એક-બે નહીં પરંતુ એકસાથે ૧૫ સિંહોનું ટોળું શિસ્તબદ્ધ રીતે રસ્તો ઓળંગતું જોવા મળ્યું હતું. આ અનોખો અને રોમાંચક નજારો જોઈને રસ્તા પરથી પસાર થતાં વાહનચાલકો થંભી ગયા હતા. શિસ્તબદ્ધ રીતે કતારબદ્ધ પસાર થતા સિંહોના આ દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સિંહપ્રેમીઓમાં ભારે કૌતુક સર્જાયું છે.

# ગોંડલના ભગવતપરામાં બાઈક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત: ૩૦ વર્ષીય યુવકનું કરૂણ મોત



ગોંડલ,તા.૧૮

ગોંડલના ભગવતપરા વિસ્તારમાં આવેલા રાજેશ હોલ નજીક હનુમાનજી મંદિર પાસે બાઈક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

આ દુર્ઘટનામાં બાઈકચાલક નરેન્દ્રભાઈ મનજીભાઈ મકવાણા (ઉં.વ. ૩૦) નામના યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં પણ કૅપ્ચર થઈ ગઈ છે. મૃતક યુવક છૂટક મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ઘટનાની જાણ થતાં શિવમ સાર્વજનિક ટ્રસ્ટના ધવલભાઈ ગોહેલે યુવકને તાત્કાલિક ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ગોંડલ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સુત્રાપાડના આલિદ્રા ગામે રૂા.૨.૨૫ કરોડના ખર્ચે નવા પુલનું ખાતમુહૂર્ત



ઉના, તા.૧૮

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના આલિદ્રા મુકામે આશરે રૂ. ૨.૨૫ કરોડના ખર્ચે મંજૂર થયેલ નવા પુલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોની વર્ષોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલ આ વિકાસકાર્યથી આસપાસના વિસ્તારોના નાગરિકોને આવાગમનમાં મોટી રાહત મળશે. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમાર, તાલાલા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ તથા ગીર સોમનાથ જિલ્લા પંચાયતના પ્રમુખ દ્વારકેશભાઈ દોમડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સ્થાનિક પદાધિકારીઓ, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. આ તકે ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ જનહિતના કાર્યોને પ્રાથમિકતા આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભાજપ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાંસદ માનસિંહભાઈ પરમારે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે રાજ્યમાં વિકાસના કાર્યોની લહાણી કરી છે.

# કોડીનારની તરસ છિપાવવા શિંગોડા ડેમને સૌની યોજના સાથે જોડવાની મુખ્યમંત્રી સમક્ષ માગણી



કોડીનાર,તા.૧૮

કોડીનાર પંથકમાં વરસાદના અભાવે પીવાના પાણી અને ખેતી માટે સિંચાઈના પાણીની સમસ્યા ગંભીર બની રહી છે. અનેક ચેકડેમો ખાલી પડ્યા હોવાથી સ્થાનિક લોકો અને ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ સ્થિતિમાં કોડીનાર, સુત્રાપાડા તથા ગીરગઢડા તાલુકાના લોકોને પાણીની સમસ્યામાંથી રાહત અપાવવા અને ગીરના વન્યજીવોને પૂરતું પાણી મળી રહે તે હેતુથી સૌની યોજના અંતર્ગત જામવાળા ખાતે આવેલા શિંગોડા ડેમને પાણીથી ભરવા માટે પાઈપલાઈનનું આયોજન કરવાની માગ ઉઠી છે. આ સાથે જ સૌની યોજનાને લંબાવી સોમત, શાંગાવાડી અને શિંગોડા ત્રણેય નદીઓને જીવંત કરવામાં આવે તો સમગ્ર વિસ્તારના ખેડૂતો અને પ્રજાજનો માટે મોટી રાહતરૂપ બની શકે તેવી રજૂઆત પણ કરવામાં આવી છે.આ અંગે મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે. પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી સહિતના આગેવાનોએ પણ મુખ્યમંત્રી સમક્ષ આ પ્રશ્ન રજૂ કરી પંથકના લોકોના હિતમાં તાત્કાલિક પગલાં ભરવા વિનંતી કરી છે.

# આગામી બે દિવસ રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદની હવામાન વિભાગે કરી આગાહી

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં એક તરફ ગરમીનો પ્રકોપ યથાવત છે, ત્યાં બીજી તરફ હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને મહત્વની આગાહી કરવામાં આવી છે. બે અલગ-અલગ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાને કારણે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓ ભાવનગર, અમરેલી, નવસારી, વલસાડ, તાપી, દાદરા નગર અને હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે. નવરાત્રીના અંતિમ દિવસોમાં જ વરસાદી માહોલ સર્જાવાની શક્યતા હોવાથી ખેલૈયાઓ અને આયોજકોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, દક્ષિણ રાજસ્થાન અને દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્ર પર બનેલી ડબલ સિસ્ટમના પ્રભાવથી ૧૯ ઓક્ટોબર આસપાસ અરબી સમુદ્રમાં લો પ્રેશર એરિયા સર્જાવાની પૂરી શક્યતા છે. આ વાતાવરણીય પલટાના કારણે ફેરફાર જોવા મળશે. તંત્ર દ્વારા આજે ૭ જિલ્લાઓમાં અને આવતીકાલે ૪ જિલ્લાઓમાં વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.



# 'દારૂ બંધ ન થાય, માત્ર કંટ્રોલ કરી શકાય': ઢસાના PSI જી.ડી. આહીરનું વિવાદિત નિવેદન

બોટાદ,તા.૧૮

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસા પોલીસ સ્ટેશનના PSI જી.ડી. આહીરનો એક કથિત વીડિયો સોશિયલ મીડિ યા પર વાયરલ થતાં ભારે વિવાદ સર્જાયો છે. આ વીડિયોમાં PSI એવું કહેતા સંભળાય છે કે, 'દારૂ ક્યારેય બંધ ન થાય, તેને માત્ર કંટ્રોલ કરી શકાય. ગમે તે સરકાર આવે, પણ દારૂ સંપૂર્ણ બંધ ન થઈ શકે.'



પ્રાપ્ત વિગતો મુજબ, જલાલપુર ગામે યોજાયેલા સાયબર અવેરનેસ કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ દેશી-વિદેશી દારૂના ખુલ્લેઆમ વેચાણ અંગે રજૂઆત કરી હતી, જેના જવાબમાં PSIએ આ વિવાદિત નિવેદન આપ્યું હતું. આ મામલો ગરમી પકડતાં DYSP મહર્ષિ રાવલે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી PSI ગીતા આહીરને તાત્કાલિક અસરથી લીવ રિઝર્વમાં મૂકી દીધા છે.સામે પક્ષે પોલીસે સ્પષ્ટતા કરી છે કે જલાલપુર ગામમાં પ્રોહિબિશન લિસ્ટેડ બુટલેગરો સામે અત્યાર સુધીમાં ૭૬થી વધુ વાર રેડ કરવામાં આવી છે. આ ઉપરાંત ૩ અસામાજિક તત્ત્વો સામે ૨૭થી વધુ ગુના નોંધી ભૂતકાળમાં તડીપાર કરવાની પણ કડક કાર્યવાહી કરાઈ ચૂકી છે.

# અમદાવાદના અમરાઈવાડીમાં ગરબા રમીને પરત ફરતા યુવકની હત્યા



અમદાવાદ,તા.૧૮

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં ગરબા જોઈને પરત ફરી રહેલા ૨૮ વર્ષીય વિકેશ ગુર્જર નામના યુવકબની જૂની અદાવતમાં ચાકુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી છે. બે મહિના પહેલા થયેલા ઝઘડાની ખાર રાખી હિસ્ટ્રીશીટર રોહિત ઉર્ફે ગાંડો અને તેના સાગરીતોએ આ હુમલો કર્યો હતો. પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા તજવીજ હાથ ધરી છે.

# સુરતમાં મિલકત વિવાદમાં મોટા ભાઈએ માતા અને નાના ભાઈની કરી હત્યા

સુરત,તા.૧૮

સુરતના લીંબાયત વિસ્તારમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં મિલકત અને ભાડાની આવકના વિવાદમાં મોટા ભાઈએ માતા અને નાના ભાઈની નિર્મમ હત્યા કરી દેતાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, મૂળ તેલંગણાના અને સુરતમાં સ્થાયી થયેલા પરિવાના માતા મલેશ્વરીબેન તેમના નાના પુત્ર રાજુ સાથે રહેતા હતા. દુકાનના ભાડાની આવક નાના પુત્રને મળતી હોવાથી અને મિલકતના ભાગ પાડવા બાબતે મોટો પુત્ર શ્રીનિવાસ અવારનવાર ઝઘડો કરતો હતો. માતાએ જીવતેજીવ મિલકતના ભાગ પાડવાની ના પાડતાં ઉશ્કેરાયેલા શ્રીનિવાસે સવારે ઘરે પહોંચી માતા અને નાના ભાઈ પર છરી વડે તીક્ષ્ણ હુમલો કરી દીધો હતો. ગંભીર ઈજાઓને કારણે માતા-પુત્ર બંનેના સ્થળ પર જ દર્દનાક મોત નીપજ્યા હતા. બનાવની જાણ થતાં જ લીંબાયત પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ફરાર હત્યારા પુત્રને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.



# ભાવનગરના યુવકે લગ્નજીવનના કલેશથી કંટાળી ખીણમાં કૂદી આપઘાત કર્યો

ભાવનગર,તા.૧૮

ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં રહેતા અને પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા વિશ્વરાજસિંહ ગોહિલ નામના યુવકે મહારાષ્ટ્રના હરિચંદ્રગઢ પર્વત પરથી ૧૭૦૦ ફૂટ ઊંડી ખીણમાં કૂદીને આપઘાત કરી લીધો છે. લગ્નના માત્ર આઠ જ મહિનામાં પત્ની અને સાસરી પક્ષ દ્વારા કરાયેલી ઘરેલુ હિંસાની ફરિયાદ અને કોર્ટ-કચેરીના વિવાદથી કંટાળીને યુવકે આ આત્મઘાતી પગલું ભર્યું હતું.

આપઘાત કરતા પહેલા યુવકે ૧૩ મિનિટનો અંતિમ વિડીયો શૂટ કર્યો હતો, જેમાં તેણે પત્ની અને સાસરી પક્ષ સામે ગંભીર આક્ષેપો કરતાં કાયદાના દુરુપયોગ અંગે ધ્રુજતા અવાજે ન્યાયની ગુહાર લગાવી હતી. મહારાષ્ટ્ર પોલીસે મૃતદેહ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે ભાવનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# વિદેશી રોકાણ આકર્ષવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાપાન અને દક્ષિણ કોરિયાના પ્રવાસે

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પૂર્વે રાજ્યમાં વિદેશી રોકાણ વધારવા માટેના પ્રયાસો તેજ બનાવવામાં આવ્યા છે. આ હેતુસર રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાપાન અને દક્ષિણ કોરિયાના પ્રવાસે રવાના થયા છે. એક સપ્તાહના આ પ્રવાસ દરમિયાન તેઓ બંને દેશોના પાંચ મુખ્ય શહેરોમાં અગ્રણી ઉદ્યોગકારો સાથે વન-ટુ-વન બેઠકો યોજીને ગુજરાતમાં રોકાણની તકો અંગે ચર્ચા કરશે.

તેઓ જાપાનના ઓસાકા, કોબે અને ટોક્યો તેમજ દક્ષિણ કોરિયાના દેગુ અને સિયોલ શહેરોની મુલાકાત લેશે.



આ પ્રવાસમાં રાજ્યના છ વરિષ્ઠ અધિકારીઓ પણ તેમની સાથે જોડાયા છે. ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી એવા આ બંને દેશોના ઉદ્યોગગૃહો ગુજરાતમાં નવા પ્રોજેક્ટ્સ શરૂ કરે તે માટે રાજ્ય સરકાર સક્રિય પ્રયાસો કરી રહી છે. નાયબ મુખ્યમંત્રી ૨૬ ઓક્ટોબરે પરત ફરશે.

# રાજકોટમાં ૧૫ હજાર આહીરાણીઓએ ૯૦૦ કિલો સોનું પહેરી ગરબાની રમઝટ બોલાવી

રાજકોટ, તા.૧૮

રાજકોટના નવા રિંગ રોડ પર આહીર સેના દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં પરંપરા, ભક્તિ અને આભૂષણોનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. સાતમા નોરતે આહીર સમાજની ૧૫ હજારથી વધુ બહેનોએ પરંપરાગત કપાટો-કાપડું પહેરી અને આશરે ૯૦૦ કિલો સોનાના દાગીનાથી સજ્જ થઈને દિવ્ય રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ અદભુત નજારાથી આખું ગરબા મેદાન સોનાની ચમકથી ઝળહળી ઊઠ્યું હતું.બહેનોએ સાક્ષાત ભગવાન કૃષ્ણ સાથે રાસ રમતા હોવાનો ભાવપૂર્ણ અહેસાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ભગવાન શ્રી દ્વારકાધીશની ભવ્ય મહાઆરતી યોજાઈ હતી, જે સમગ્ર મહોત્સવનું મુખ્ય આકર્ષણ બની રહી હતી. સંસ્કૃતિ, પરંપરા અને એકતાનો સંદેશ આપતો આ રાસ નવરાત્રિની આસો મોસમમાં વિશેષ ઓળખ બની રહ્યો હતો.








# સુરતના સચીનમાં ગુટકાની પડીકીના રૂપિયાના ઝઘડામાં શ્રમિકની હત્યા

સુરત, તા.૧૮

સુરતના સચીન જીઆઈડીસી વિસ્તારમાં ગુટકાની પડીકીના રૂપિયાના ઝઘડામાં શ્રમિકની હત્યા કરવામાં આવી હોવાનો ખુલાસો થયો છે. શિવનગરમાં ફૂટપાથ પર રહેતા શિવકુમાર રામસ્વરૂપ યાદવનો મૃતદેહ ૧૧ ઓક્ટોબરે મળી આવ્યો હતો. શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો, પરંતુ પોસ્ટમોર્ટમમાં માથા પર બોથડ વસ્તુના પ્રહારની આશંકા વ્યક્ત થતાં પોલીસે હત્યાની દિશામાં તપાસ શરૂ કરી હતી. પોલીસે ૧૦૦થી વધુ સ્થળોના સીસીટીવી ફૂટેજ તપાસી અને ૩૦૦થી વધુ લોકોની પૂછપરછ કરી મંગલુ ઉર્ફે મંગલપ્રસાદ ઉર્ફે પંડિત અવસ્થીને ઝડપી પાડ્યો હતો.

# વિવિધ ધાર્મિક સ્થળોએ આઠમના નોરતે માઈભક્તોનો મહાસાગર ઉમટી પડ્યો

અમદાવાદ,તા.૧૮

આસો નવરાત્રિના મહા આઠમના પવિત્ર દિવસે અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિરે દર્શનાર્થીઓની ભારે જનમેદની ઉમટી પડી હતી. વહેલી સવારથી જ મા ભદ્રકાળીના દિવ્ય સ્વરૂપના દર્શન અને આશીર્વાદ મેળવવા ૧ કિલોમીટરથી પણ વધુ લાંબી લાઈનો જોવા મળી હતી. ભાવિક ભક્તોએ કલાકો સુધી કતારમાં ઊભા રહીને મહાઆરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. માન્યતા અનુસાર, આ પવિત્ર દિવસે નગરદેવીના દર્શનથી સુખ, શાંતિ અને સમૃધ્ધિની પ્રાપ્તિ થાય છે.બીજી તરફ, પ્રસિધ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે પણ સાતમ અને રવિવારની રજાનો ત્રિવેણી સંગમ થતાં ભક્તોનો મેળાવડો જામ્યો હતો. સવારના ૫ વાગ્યાથી જ ૧ લાખથી વધુ માઈભક્તોએ મહાકાળી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું, જેના કારણે પાવાગઢ નિજ મંદિર પરિસરમાં પગ મૂકવાની જગ્યા પણ નહોતી બચી.






# સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં ભયંકર મંદી

સુરત,તા.૧૮

સુરતનો વિશ્વવિખ્યાત ટેક્સટાઈલ ઉદ્યોગ દિવાળી ટાણે જ ગંભીર સંકટમાં ફસાયો છે. યાર્ન સહિત કાચા માલમાં ૫૦%નો તોતિંગ ભાવવધારો થતાં લૂમ્સ સંચાલકો માટે ઉત્પાદન અશક્ય બન્યું છે. માર્કેટમાં મંદી અને મની ક્રાઈસિસના કારણે આ વર્ષે ૧૫થી ૩૦ દિવસનું લાંબુ વેકેશન પાડવાની નોબત આવી છે, જેનાથી ૭૫ હજારથી વધુ કારીગરોની રોજીરોટી પર સીધું જોખમ તોળાઈ રહ્યું છે.


